# Veer Narmad South Gujarat University, Surat

Re-accredited by NAAC with 'B++' grade

सत्यम् ज्ञानम् अनन्तम्

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT





# ઈ–દક્ષિણાયન

## Dakshinayan e-Newsletter

For Private Circulation Only

Vol. 13, Issue. 236, August 2022


"નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે,
ખબર છે એટલી કે માતની હાંકલ પડી છે."

– ઝવેરચંદ મેઘાણી

## દિપે અરુણું પરભાત

**પ્રિય વાચક મિત્રો,**

ભારતીય જીવન, સંસ્કૃતિ અને શિક્ષણ સિંધુ ખીણની સંસ્કૃતિની દેન છે. ભારત સમગ્ર વિશ્વમાં અનેકતામાં એક રંગનું સૂચક છે. સિંધુ ખીણની સંસ્કૃતિના ઊંડાણમાં સામાજિક સમરસતા વિદ્યમાન છે. ભારતીય સંસ્કારોથી પલ્લવિત શિક્ષણ વ્યવસ્થાને અંગ્રેજોની ગુલામી દરમિયાન નેસ્તનાબૂદ કરી દેવામાં આવી અને અંગ્રેજી શિક્ષણની આભામાં આપની શિક્ષણની સંસ્કૃતિ વ્યાપ્ત હોવાનો પ્રબળ અહેસાસ આપણે સહુ અનુભવી રહ્યા છીએ તેના મૂળમાં પણ આપની સંસ્કૃતિની ધરોહર 'ચારેય દિશામાં વ્યાપ્ત ઉન્નત'ને સમાવવાનો ગુણ જ નિહિત છે તેમ મારું સ્પષ્ટ માનવું છે.

સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં હતા હત થયેલ શિક્ષણ પરંપરાને ભારતીય સંસ્કૃતિ અને સામાજિક રીતિમાં ઢાળવા માટેના ઉજાગર થયા છે તે સર્વવિદિત છે. પરંતુ 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦' વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં, સૃષ્ટિમાં વ્યાપી શિક્ષણ, કેળવણી અને તાલીમના સાયુજ્યમાં ભાવી શિક્ષણને દોરી જવાનો પ્રયત્ન છે તે નિર્વિવાદ છે. જ્ઞાન સાર્વત્રિક છે. જ્ઞાન રંગ, જાતી, ન્યાતી, ધર્મ, સંપ્રદાય થી પર છે અને તે સમગ્ર માનવજાતિ માટે દ્યોતક છે. 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦'નું આંશિક સ્વરૂપ વૈશ્વિક જ્ઞાનના પરિપ્રેક્ષ્યમાં ભારતના વિદ્યમાન શિક્ષણ પ્રવાહને માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહવાન વૈશ્વિક વિચારમાં સ્થાનિક અભિગમથી આધારશીલા પર પ્રવાહિત કરવાના શુભ આશયથી પ્રવાહિત કરેલ નવાચાર છે.

દેશની શિક્ષણ પદ્ધતિ પોતાની વર્તમાન અને આવનારી પેઢીઓનું ભવિષ્ય તૈયાર કરે છે. દરેક દેશ પોતાની શિક્ષણ પદ્ધતિને પોતાના રાષ્ટ્રીય મૂલ્યોની સાથે જોડીને, તેમાં બદલાવ કરીને દેશના લક્ષ્યની દિશામાં આગળ વધે છે. ભારતની રાષ્ટ્રીય શિક્ષણ નીતિના પાયામાં પણ આ જ વિચારો છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૧મી સદીના ભારતનો, નવા ભારતનો પાયો નાખનારી છે. ૨૧મી સદીના ભારતના યુવાનો, આપના યુવાનોને કેવા શિક્ષણની જરૂર છે અને તેની સાથે કેવા કૌશલ્ય જોઈએ તે વિષય પર નવી શિક્ષણ નીતિમાં વધારે ધ્યાન અપાયું છે.

બદલાતા સમયની સાથે એક નવી વિશ્વ વ્યવસ્થા એક નવા રંગરૂપ સાથે ઊભી થઈ રહી છે; એક નવા વૈશ્વિક ધારા–ધોરણ પણ નક્કી થઈ રહ્યા છે. આ હિસાબે ભારતનું શિક્ષણ જરૂરી હતું. શાળા અભ્યાસક્રમના ૧૦+૨ માળખામાંથી આગળ વધીને હવે ૫+૩+૩+૪ નું માળખું આપવું એ આ જ દિશામાં ભરેલું એક ડગલું છે. આપણે આપણા વિદ્યાર્થીઓને વિશ્વ નાગરિક બનાવવાના છે અને એ પણ ધ્યાન રાખવાનું છે કે વિશ્વ નાગરિક બનવાની સાથોસાથ તેઓ પોતાના મૂળિયા સાથે જોડાઈ રહે જડ થી જગ સુધી, મનુષ્યથી લઈને માનવતા સુધી, અતિતથી લઈને આધુનિકતા સુધીના બધા જ બિંદુઓનો સમાવેશ કરીને આ રાષ્ટ્રીય શિક્ષણ નીતિનું સ્વરૂપ ઘડાયું છે. આ વાતમાં કોઈ વિવાદ નથી કે બાળકની ઘરની બોલી અને શાળામાં ભણાવાતી ભાષાનું માધ્યમ એક જ હોવાથી બાળકોના શીખવાની પ્રક્રિયા ગતિ ઘણી સરળ અને ઝડપી થાય છે. આ એક મોટું કારણ છે કે જ્યાં સુધી સમભાવ થાય ત્યાં સુધી બાળકોને પાંચમા ધોરણ સુધી તેમની માતૃભાષામાં જ ભણવાની સહમતિ આપવામાં આવી છે એનાથી બાળકોની સમજણનો પાયો તો મજબૂત થશે જ સાથોસાથ તેમના ભણતર માટેનો પાયો પણ વધુ મજબૂત થશે.

આજે સમયની માંગ છે કે નવીની કરણના સ્વીકારનું જે મૂલ્ય આપણે સમાજમાં નિર્મિત કરવા માંગીએ છીએ તે આપણા દેશની શૈક્ષણિક સંસ્થાઓથી શરૂ થવું જોઈએ અને તેનું તેતૃત્વ આપ સૌની પાસે છે. ગુજરાત રાજ્યમાં આપની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ રાજ્યની પ્રથમ એવી યુનિવર્સિટી છે જેણે રાષ્ટ્રીય નીતિ ૨૦૨૦ ને અમલમાં મૂકી છે. આપની યુનિવર્સિટીએ આપણું ગૌરવ છે.

**તા. ૧ સપ્ટેમ્બર, ૨૦૨૨**

**(ડૉ. કિશોરસિંહ ચાવડા)**
**કુલપતિશ્રી**

## યુનિવર્સિટી ન્યૂઝ

### ૫૩મો ખાસ પદવીદાન સમારોહ

કવિ નર્મદ જન્મજયંતિ નિમિત્તે તા. ૨૪/૮/૨૦૨૨ને બુધવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડાના અધ્યક્ષ સ્થાને સેનેટ સભ્યશ્રીઓ, સિન્ડીકેટ સભ્યશ્રીઓ, વિવિધ વિદ્યાશાખાના ડિનશ્રીઓ, દાતાશ્રીઓ, વિવિધ વિભાગીય વડાશ્રીઓ, આચાર્યશ્રીઓ વિદ્યાર્થીઓ, કર્મચારીઓ સહિત સમસ્ત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિવાર તેમજ પદવી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓના સંયુકત સહકારથી ૫૩મા ખાસ પદવીદાન સમારોહનું આયોજન યુનિવર્સિટીના કન્વેન્શન હોલ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે માનનીય શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી અને અતિથિ વિશેષ તરીકે માન. શિક્ષણ મંત્રીશ્રી ડૉ. કુબેરભાઈ ડીડોરજી ઉપસ્થિત રહ્યા હતા. જેમાં વિવિધ વિદ્યાશાખાના ૨૭૩૧૧ વિદ્યાર્થીઓ તેમજ ૩૬ પીએચ.ડી અને ૧૦ એમ.ફીલ. થયેલ વિદ્યાર્થીઓને પદ્‌વી એનાયત કરવામાં આવી હતી.



















## તિરંગા યાત્રા

આઝાદી કા અમૃત મહોત્સવ 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત તા. ૧૦/૮/૨૦૨૨ના રોજ સવારે ૯:૦૦ કલાકે રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ અને યુનિવર્સિટી સંલગ્ન અઠવાલાઈન્સ વિસ્તારમાં આવેલ કોલેજો દ્વારા ભવ્ય 'તિરંગા યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં કોલેજોના ૧૨૦૦૦ થી વધુ વિદ્યાર્થીનીઓએ હાથમાં તિરંગા સાથે ભાગ લીધો હતો. આ તિરંગા યાત્રામાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, સુરત શહેરના મેયરશ્રી હેમાલીબેન બોઘાવાલા, કુલસચિવશ્રી ડૉ.રમેશદાન ગઢવી, યુનિવર્સિટીના સિન્ડીકેટ સભ્યશ્રી સંજયભાઈ લાપસીવાળા, જુદી જુદી કોલેજોના આચાર્યશ્રીઓ તથા પ્રોગ્રામ ઓફિસરશ્રીઓ તેમજ NSSના પ્રોગ્રામ કો–ઓડિનેટરશ્રી પ્રકાશચંદ્ર ઉપસ્થિત રહ્યા હતા.

ડી.જે.ના તાલ સાથે ચોપાટીથી કારગીલ ચોક પોપલોદ સુધીના આ યાત્રાના આયોજન બદલ સાંસદશ્રી સી.આર.પાટીલ અને  ગુજરાત રાજ્યના ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ શુભેચ્છાઓ પાઠવી હતી.



















## Consultative Workshop on Implementation of Nep 2020


નેશનલ એજ્યુકેશન પોલીસી ૨૦૨૦ અંતર્ગત ગુજરાત રાજ્યની સ્ટેટ યુનિવર્સિટીઓમાં અભ્યાસક્રમોમાં સમાન ક્રેડિટ સ્ટ્રક્ચર, ચાર વર્ષનો Honours અભ્યાસક્રમ, એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ (ABC) અને NEP-2020ની અન્ય જોગવાઈઓના વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે સરળ અમલીકરણ માટે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના NEP Cellના તજજ્ઞો દ્વારા વિશેષ માર્ગદર્શન માટે યુનિવર્સિટીની વિવિધ ફેકલ્ટીના ડીનશ્રીઓ, તમામ બોર્ડ ઓફ સ્ટડીઝના ચેરમેનશ્રીઓ, કો–ચેરમેનશ્રીઓ, યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ અને યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ અને અધ્યાપકશ્રીઓ માટે Consultation Workshop on Implementation of NEP-2020નું આજ તા. ૫–૫–૨૦૨૨ના રોજ યુનિવર્સિટીના સેનેટ હોલ ખાતે આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૯૦ સભ્યો રૂબરૂ અને ૧૦૦ થી વધુ સભ્યો online જોડાયા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ઇ.ચા.કુલસચિવશ્રી ડૉ. જયદિપ ચૌધરી દ્વારા ઉપસ્થિત તજજ્ઞો અને ઉપસ્થિત તમામ સભ્યોનું સ્વાગત સંબોધન કરવામાં આવેલ હતું. ત્યારબાદ કુલપતિશ્રી ડૉ.કે.એન. ચાવડા દ્વારા ઓનલાઈન જોડાઈ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે યુનિવર્સિટી દ્વારા NEP-2020 અંતર્ગત કરવામાં આવેલ વિવિધ જોગવાઈઓના અમલ માટે board of studies, એકેડેમિક કાઉન્સિલ, સિન્ડિકેટ અને સેનેટના સભ્યશ્રીઓનો સાથ સહકાર આપવા માટે આભાર વ્યક્ત કર્યો હતો અને તથા આગામી સમયમાં પણ NEP ના અમલીકરણ દરમિયાન ઉપસ્થિત થતા પ્રશ્નોનું સાથે મળી સમાધાન કરવાની આશા વ્યક્ત કરી હતી.

ત્યારબાદ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી ના NEP CELL સભ્ય ડૉ. સાગર દવે દ્વારા NEP ની વિવિધ જોગવાઈઓ અંગે માર્ગદર્શન આપવામાં આવેલ હતું. ત્યારબાદ ડૉ. શૈલેન્દ્રસિંહ વાઘેલા દ્વારા અભ્યાસક્રમોના ક્રેડિટ સ્ટ્રક્ચર અંગે માર્ગદર્શન આપવામાં આવેલ હતું તથા ડૉ. હેમેન્દ્ર શાહ દ્વારા નેશનલ એકેડમિક ડિપોઝિટરી અને એકેડમિક બેંક ઓફ ક્રેડિટ વિશે ઉડાણ પૂર્વક સમજ આપવામાં આવેલ હતી. યુનિવર્સિટીના કોમ્પ્યુટર સાયન્સ વિદ્યાશાખાના ડીનશ્રી સ્નેહલ જોશી દ્વારા Roadmap of VNSGU on NEP 2020 અંગે પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવેલ હતું. તજજ્ઞો દ્વારા NEP-2020ના અમલીકરણ માટે કરવામાં આવેલ પહેલની પ્રશંસા કરી હતી. કાર્યક્રમના અંતે તજજ્ઞો દ્વારા ઉપસ્થિત સભ્યોના વિવિધ પ્રશ્નોનો ઉત્તર અને માર્ગદર્શન આપવામાં આવેલ હતું. કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધિ યુનિવર્સિટીના NEP Cell ના નોડલ ઓફિસર ડૉ. યોગેશ વાંસિયા દ્વારા કરવામાં આવેલ હતી.




















## Startup & Entrepreneurship Mega Event

યુનિવર્સિટી પરિસરમાં તા. ૨૫-૮-૨૦૨૨ના રોજ Startup & Entrepreneurship Mega Eventનું આયોજન યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી રાજીવચંદ્રશેખર (Hon. Minister of State for Skill Development and of Education, Government of Gujarat) અને જીતુભાઈ વાઘાણી (Hon. Minister of Education, Government of Gujarat) તેમજ ગાંધીનગરથી અન્ય પદાધીકારીઓ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પ્રગતિશીલ Strat-upનું સન્માન કરવામાં આવ્યું તેમજ મંત્રીશ્રી દ્વારા ઉધોગસાહસિકતા તેમજ Start-upને લગતી માહિતી વિશે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન Start upને લગતા વિવિધ પાસાઓ પર ચર્ચા કરી સુરતમાં Start-upનું યોગ્ય વાતાવરણ ઊભું કરવા માટેનાં પ્રયત્નો કરવા જણાવવામાં આવ્યું હતું.

## જનજાતિ નાયકોનું યોગદાન કાર્યક્રમ

રાષ્ટ્રીય જનજાતિ આયોગ, નવી દિલ્હી અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના સંયુકત ઉપક્રમે આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે આઝાદીના સંગ્રામમાં જનજાતિ નાયકોનું યોગદાન કાર્યક્રમનું તા. ૨૭/૮/૨૦૨૨ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અધ્યક્ષ તરીકે આમંત્રિત કર્યા હતાં. કાર્યક્રમના મુખ્ય અતિથી તરીકે રાષ્ટ્રીય જનજાતિ આયોગ, નવી દિલ્હીના અધ્યક્ષશ્રી હર્ષ ચૌહાણની ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમના અતિથિ વિશેષ તરીકે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા રહ્યા હતા. આયોજીત કાર્યક્રમના સંયોજક તરીકે ડૉ. દિપકભાઈએ જવાબદારી નિભાવી હતી.

સમગ્ર કાર્યક્રમની પૃષ્ઠભૂમિમાં આપણા દેશને સ્વતંત્રતાની ચળવળમાં સમસ્ત દેશના જુદાં જુદાં પ્રાંતોમાં અંગ્રેજોની ગુલામાંમાંથી મુકત થવા માટે અને રાષ્ટ્રની રક્ષા માટે લડતમાં ભાગ લઈ પોતાના શૌર્ય અને બલિદાનથી મહત્ત્વનું યોગદાન આપવામાં દેશમાં વસવાટ કરતાં અનુસૂચિત જનજાતિ સમુદાયના જન નાયકોનું પણ વિશેષ યોગદાન રહ્યુ હતું. જેમાં ભગવાન બિરસા મુંડા, રાણી દુર્ગાવતી, તિલકા માંઝી વગેરે જેવા અસંખ્ય નાયક-નાયિકાઓએ અંગ્રેજો સામેની આઝાદીની ચળવળમાં ભાગ લઈ સંઘર્ષ, શૌર્ય અને બલિદાન આપ્યું હતું. તેથી દેશને સ્વતંત્રતા મળ્યાના ૭૫ વર્ષ આઝાદીનો અમૃત મહોત્સવ કાર્યક્રમની ઉજવણીનાં ઉપક્રમે નવી પેઢીના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષણ જગત સાથે જોડાયેલા શિક્ષકો, પ્રાધ્યાપકો, સંશોધકો અને સમાજના પ્રબુદ્ધ નાગરિકો પણ જનજાતિ નાયકોના યોગદાન વિશે અવગત થઈ આત્મગૌરવનો અનુભવ કરે તેવા હેતુઓ સાથે આયોજીત કાર્યક્રમ થકી ભારતના જનજાતિ સ્વાતંત્ર સેનાનીઓ અને ક્રાંતિકારી નાયકોની ભૂમિકા જન માનસમાં ઉજાગર થયા તે અંગેનો હતો. આ પ્રસંગે આયોજીત કાર્યક્રમમાં આઝાદીની ચળવળમાં સમગ્ર દેશનાં જનજાતિ નાયકોનું યોગદાન અંગેની પ્રદર્શની મુકવામાં આવી હતી. જેથી કાર્યક્રમમાં આવનાર સહભાગીઓ જનજાતિ નાયકોનાં શૌર્ય અને બલિદાનથી અવગત થયા. મુખ્ય મહેમાનોના સ્વાગત આદિવાસી નૃત્યોથી કરવામાં આવ્યુ હતું.

## આદિવાસી પારંપરિક વાનગી મેળો

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા યુનિવર્સિટી કેમ્પસમાં આદિવાસી પરંપરાગત વાનગી મેળાનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમનું ઉદ્દ્ઘાટન ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ રાજ્યમંત્રીશ્રી ડૉ. કુબેરભાઈ ડીડોર તેમજ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા હસ્તે ખુલ્લું મુકવામાં આવ્યું હતું.

યુનિવર્સિટીમાં આ અનોખો ફેસ્ટીવલ માટે વિદ્યાર્થીઓએ આદિવાસી વાનગી માટેનું મટીરીયલ્સ ઘરેથી લાવીને વિદ્યાર્થીઓએ જાતે જ રસોડામાં તૈયાર કરીને ફેસ્ટીવલમાં રજૂ કરતા શહેરીજનોને ચટકો લગાડયો હતો. જેમાં યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા આહવા–ડાંગ, સોનગઢ, વાંસદા સહિતના ગામોમાં રહેતા વિદ્યાર્થીઓએ જાતે આદિવાસી વાનગીઓ જેવી કે, નાગલી અને ચોખાના રોટલા, વાંસ તેમજ કંટોલાનું શાક, લાલ ચોખાની ખીર, બફાણું, ભડકું, અડદની દાળ, અડદનું ભૂજીયું, ખાટી ભાજીની દાળ, પાપડ વગેરે જાતે તૈયાર કરીને ગરમા ગરમ પીરસ્યુ હતું. જેમાં વાંસ અને કંટોલાના શાક અને અડદનું ભુજીયું સૌથી વધુ ડિમાન્ડ રહી હતી. ફેસ્ટીવલમાં ૫૦૦ થી વધુ શહેરીજનો તેમજ યુનિવર્સિટીના કર્મચારીઓએ વિવિધ વાનગીઓનો સ્વાદ માણ્યો હતો.

ડાંગની જમીનમાં પાકતા કાળા ચોખા આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા. વિદ્યાર્થીઓએ વિવિધ વાનગી પીરસવાની સાથે જ ઘરે જે પોતાના પરિવારજનો પ્રાકૃતિક ખેતી કરીને પકવે છે. તે વસ્તુઓ પણ વેચાણ માટે લાવ્યા હતા. જેમાં હળદર, અથાણુ તેમજ લાલ અને કાળા ચોખા પણ વેચાણ માટે લાવ્યા હતા. આ કાળા ચોખા ખાવા માટે સારા હોય છે. વિદ્યાર્થીએ જણાવ્યું હતુ કે આ ચોખાને અન્ય ચોખા કરતા રસોઈ કરતી વખતે વધુ પાણીની જરૂર પડે છે. સાથે જ સ્વાસ્થય માટે પણ આ ચોખા સારા હોય છે.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશય પરંપરાગત, વિસરાતી જતી વાનગીઓ વધુમાં વધુ લોકો સુધી પહોંચે અને અન્યોને તેની વિશિષ્ટતા તેમજ સ્વાસ્થયવર્ધક ફાયદાઓની જાણ થાય એ હેતુથી વાનગી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.
















## વર્કશોપ

તા. ૬/૮/૨૦૨૨ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર ભવન દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ નિમીત્તે સેન્ટર ફોર મોનીટરીંગ ઇન્ડિયન ઇકોનોમીના સંયુકત ઉપક્રમે Use of Econnomic and Business Database in Research વિષય પર એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના આર્થિક અને સામાજિક ક્ષેત્રે સાથે જોડાયેલ આંકડાકીય માહિતીની વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. વિવધ વિભાગીય વડાઓ, અધ્યાપકો અને પીએચ.ડી સંશોધન કર્તાઓ મળી કુલ ૪૧ જેટલા પ્રાધ્યાપકો સહભાગી બન્યા હતા. આ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને અનુરૂપ પ્રેરક ઉદ્‌બોધન કર્યું હતું. કાર્યક્રમમાં વિભાગના અધ્યક્ષ ડૉ. એમ. એન. ગાયકવાડ, વર્કશોપના ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી ડૉ. અરુણ પંડયા અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. મોસમ ત્રિવેદીએ કરેલ હતું.







## પ્રોગ્રામ ઓફિસર સન્માન કાર્યક્રમ

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત યુનિવર્સિટીના રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા તા. ૨૪–૮–૨૦૨૨નાં રોજ સવારે ૯:૦૦ કલાકે બાયોટેક વિભાગના સેમિનાર હોલ ખાતે શિક્ષણમંત્રીશ્રી કુબેરભાઈ ડિંડોરના વરદહસ્તે 'પ્રોગ્રામ ઓફિસર સન્માન કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એન.એસ.એસ.માં સક્રિય કામગીરી બજાવનાર પ્રોગ્રામ ઓફિસરશ્રીઓનું શિક્ષણમંત્રીશ્રી કુબેરભાઈ ડિંડોરના વરદહસ્તે સન્માન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કાર્યકારી કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, સિન્ડીકેટ સભ્યશ્રી સંજયભાઈ લાપસીવાળા, સિન્ડીકેટ સભ્યશ્રી ડૉ. કે.સી.પોરીયા એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ કો–ઓડિનેટર શ્રી પ્રકાશચંદ્ર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના જુદી–જુદી કોલેજના ૩૦૦ જેટલા સ્વયંસેવકો અને પ્રોગ્રામ ઓફિસર હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન એન.એસ.એસ. વિભાગ દ્વારા કરવામાં આવેલ હતી.
















## ન્યુ ઈન્ડિયા ફોર યંગ ઈન્ડિયા ટીકેડ ઓફ ઓપોર્ચ્યૂનિટિ





કેન્દ્રીય સ્કિલ ડેવલોપમેન્ટ, એન્ટરપ્રિન્યોરશીપ, ઈલેકટ્રોનિકસ અને માહિતી ટેકનોલોજી વિભાગના રાજ્યમંત્રી રાજીવ ચંદ્રશેખર તા. ૨૬/૮/૨૦૨૨ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે સ્ટાર્ટઅપ અને ઉધોગસાહસિકતા મુગા ઈવેન્ટમાં ન્યુ ઈન્ડિયા ફોર યંગ ઈન્ડિયા ટીકેડ ઓફ ઓપોર્ચ્યૂનિટિ વિષય પર યુવાવિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીએ યુવાનો સાથે સંવાદ કરતાં જણાવ્યું હતું કે ભારતના યુવનોએ સૌથી ઝડપથી વિકસતી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ઊભી કરી છે. ભારત આગામી ટેકનોલોજી ક્રાંતિનું નેતૃત્વ કરવા માટે તૈયાર છે. યુવાનોમાં ઇન્વેસ્ટ કરવું એ ભારતના વર્ક ફ્રોમ હોમ કલ્ચર વિકસ્યું. જેમાં ડિજિટલ ટેકનોલોજીનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે. સુરતના યુવાનોના ઉત્સાહ અને સુરતી સ્પિરિટની સરાહના કરતા ચંદ્રશેખર જણાવ્યું હતું કે, D એટલે ડાયમંડ અને D એટલે ડિજિટલ. T એટલે ટેક્ષટાઈલથી સુરત પ્રખ્યાત હોય તો ટેકનોલોજીમાં પણ સુરત મોખરે રહેવાની ક્ષમતા ધરાવે છે. આ પ્રસંગે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ પ્રસંગોચિત ઉદબોધન કર્યુ હતું . જેમાં યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ સ્ટાર્ટ–અપ ઇનોવેશન અને એન્ટ્રાપ્રિન્યોરશીપને લગતા પ્રયત્નો વિષે વિસ્તૃતમાં માહિતી આપી હતી. જે અંતર્ગત ૪૦,૦૦૦ વિદ્યાર્થીઓનું સ્ટાર્ટ–અપ અને એન્ટ્રાપ્રિન્યોરશીપ વિષે માર્ગદર્શન કરવામાં આવ્યું હતું. જેમાંથી ૫૬ જેટલા નવા આઇડિયા પ્રાપ્ત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં રાજ્યના ઉચ્ચ

શિક્ષણ વિભાગના કમિશનરશ્રી નાગરાજન, I-Hub ના CEO શ્રી હિરણમય મહંતા, યુનિવર્સિટીના ઈ.ચા. કુલસચિવ, સેનેટ/સિન્ડિકેટ સભ્યો, વિભાગીય વડાશ્રીઓ, ડીનશ્રીઓ, અધ્યાપકો તથા યુવા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળતા પૂર્વક આયોજન આઇડિયા એન્ડ ઇનોવેશન સેલ અને SSIP સેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## બાયોટેકનોલોજી વિભાગ

### બાલાશ્રમ(અનાથાશ્રમ)ની મુલાકાત






તા. ૩–૮–૨૦૨૨, બુધવારના રોજ રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત, બાયોટેકનોલોજી વિભાગમાં અભ્યાસ કરતા માઈક્રોબાયોલોજીના સેમેસ્ટર ૨ અને ૪ ના વિદ્યાર્થીઓ, શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની નજીક આવેલા બાલાશ્રમમાં એક ટાઈમનું ભોજન આપવા માટે બપોરના ૧:૦૦ વાગ્યે પહોંચ્યા અને ત્યારબાદ વિદ્યાર્થીઓએ બધા બાળકોને ભોજન પિરસ્યું હતું તથા તેમના રહેવા–ભણવાની વ્યવસ્થા અંગે માહિતગાર થયા હતા. તેઓના રોજીંદી કાર્યોની નોંધ તથા અંગત વાતચીત દ્વારા પરિચય લેવાનો પ્રયત્ન કર્યો હતો. આ કાર્યક્રમનું આયોજન રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસર બાયોટેકનોલોજી વિભાગના શ્રીમતી તન્વી તમાકુવાલા, ડૉ. માનસી મહેતા અને કુ. ભાવિની કંસારા તથા સેમેસ્ટર ૩ અને ૪ના માઇક્રોબાયોલોજીના સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અંદાજે ૮૫ વિદ્યાર્થીઓ, શિક્ષકગણ તેમજ બિનશિક્ષકગણે લાભ લીધો હતો.

## ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ

### હર ઘર તિરંગા




તા. ૧૨ ઓગસ્ટ ૨૦૨૨, શુક્રવારના રોજ યુનિવર્સિટીનાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ ખાતે 'હર ઘર તિરંગા' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અર્થશાસ્ત્ર વિભાગના ગ્રંથપાલ દ્વારા વિભાગનાં કૉ–ઓર્ડિનેટર શ્રી યોગેશ એન. વાંસિયાનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમમાં અર્થશાસ્ત્ર વિભાગના અધ્યાપકો પણ જોડાયા હતા.

### National Librarian Day






તા.૧૨ ઓગસ્ટ ૨૦૨૨, શુક્રવારના રોજ 'National Librarian Day' નાં પર્વ નિમિત્તે યુનિવર્સિટીનાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ દ્વારા અર્થશાસ્ત્ર વિભાગના

સેમિનાર હોલ ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનનાં પ્રધ્યાપક ડૉ. શૈલેશ પટેલ, ડૉ. તૃપ્તિબેન વાંસિયા, ડૉ. સોનલબેન ભારતી, શ્રી નવનીત પટેલ, ડૉ. વિરલ પોલીસવાલા તથા શ્રી ચિંતન ગજ્જર, શ્રી જયદીપ વ્યાસ અને શ્રી પ્રજ્ઞાબેન ધાધલ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દીપ પ્રગટ્યા અને પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ભાવેશ બલદાણીયા દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત અતિથિગણ તથા વિદ્યાર્થીમિત્રોનાં સ્વાગત દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત અતિથિઓનું પુષ્પ દ્વારા સન્માન કરી ડૉ. યોગેશ એન.વાંસિયા દ્વારા કાર્યક્રમના સંદર્ભમાં વકતવ્ય રજુ કરવામાં આવ્યું. ત્યારબાદ NATIONAL LIBRARIAN DAYનાં પર્વ નિમિત્તે વિદ્યાર્થીઓ દ્વારા વકતવ્ય રજુ કરવામાં આવ્યા. જેમાં ડૉ. એસ. આર. રંગનાથનનું જીવન ચારિત્ર્ય અને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન ક્ષેત્રમાં આપેલ યોગદાન અને સિદ્ધિ વિષે ચર્ચા કરવામાં આવી. ત્યારબાદ ડૉ. શૈલેશ પટેલ દ્વારા પ્રસ્તુત વિષયનાં સંદર્ભમાં વકતવ્ય રજુ કરવામાં આવ્યું. અંતમાં અર્થશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક શ્રી મેરાભાઈ જમોડ દ્વારા આભારવિધિ પ્રગટ કરવામાં આવી. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓ દ્વારા NATIONAL LIBRARIAN DAY વિષયનાં સંદર્ભમાં પોસ્ટર બનાવી તેનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં તમામ પ્રાધ્યાપક તથા વિદ્યાર્થીમિત્રો હાજર રહ્યા હતા.

## Department Interior Design

### Concept

The most difficult task for any designing student is deriving concept. Almost all students start scratching their heads when concept is asked to derive. Students are always told- once you properly understand your concept, your half designing is done there and there only. But how to derive concept? Exactly what is concept? How to think about the concept? These are the most basic questions in any designing students mind.To clear all these doubts, guiding students in the right path towards concept, bachelor's of interior design department of veer narmad south gujarat university had recently arranged a seminar on design and concept by ar. Avinash engineer. He knew everything what a student thinks about concept, how one runs away from concept. He could easily connect with students mentality and understanding. With keeping those things in mind, he explained in detail what is concept and what is not. More than a formal seminar, it was an informal two way talk.Avinash sir explained concept is an open ended journey. Design is a dialogue between you and the work you are doing. Before knowing what is concept, one needs to know what is not a concept. Working on a theme and thematic expression is not a concept, its a theme. For example, if a chinese restaurant is to be designed, adding dragons and using red ambience is a theme and not a concept. Concept does not mean recreating an image. The first 100 ideas are always the pre conceived ideas which we have seen here or there. He says that always reject the first 100 ideas. One cannot pick up or take up a concept from anywhere. For example, using terracotta material is not considered as a concept.Now, the question arises what is concept? How to design? What are the aspects of design?The first step for deriving a concept is context. Context refers to the geometry, climate, tradition, culture, history, technology, art. Keeping all the aspects of context in mind, one can achieve the conceot. Another way for deriving the concept is questioning. Find an answer and solution to your design. Thus, concept will be derived. One needs to have an inspiration. Having concerns with inspiration leads to a concept.





## કોલેજ ન્યૂઝ

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

### વકતૃત્વ સ્પર્ધા





જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૩૦ જુલાઈ ૨૦૨૨ને શનિવારના રોજ ૭૫ માં આઝાદી કા અમૃત મહોત્સવના ઉજવણીના ભાગરૂપે તથા સપ્તધારા અંતર્ગત ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી.રાણાના માર્ગદર્શન હેઠળ 'સ્વ.જે.બી.શાહ આંતર કોલેજ વકતૃત્વ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્ય શ્રીમતિ ડૉ. પારૂલબેન વડગામા અને લાયનેસ મોનાબેન દેસાઈ હાજર રહી વિદ્યાર્થીઓને માગદર્શન પૂરું પાડયું હતું. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રીમતિ આશાબેન પારેખ અને આચાર્યશ્રી દિલીપભાઈ પરમાર હાજર રહ્યા હતા.

સ્પર્ધાની શુભ શરૂઆત એસ.વાય.બી.એ.ના વિદ્યાર્થી ચૌહાણ જાનવીએ પ્રાર્થનાથી કરી હતી. મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કરી સ્પર્ધાના કો–ઓડિનેટર પ્રા. ભરતભાઈ ડી. પટેલ સાહેબે સ્પર્ધાકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. મહેમાનો તેમજ નિર્ણાયકોનો પરિચય પ્રા. ડૉ. બી.એન.ધીમ્મરે કરાવ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કોલેજોના ૩૬ જેટલા સ્પર્ધાકો ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે નવયુગ આર્ટ્સ કોલેજના માર્ટિન જોસુઆ, દ્વિતિય ક્રમે જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના કલસરિયા હેતલ અને વી.બી.શાહ કોલેજના ભલોડિયા હેનવી તથા તૃતિય ક્રમે એસ.વી.પટેલ કોલેજના ધામેલિયા મિરલ, ઉધના સીટીઝન કોમર્સ કોલેજના રાજપૂત કાજલ તથા દેરિયા કાજોલ રનીંગ શીલ્ડ તરીકે વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધાનું સંચાલન પ્રા. રાજ ડુમસિયા અને આભારવિધિ પ્રા.ડૉ.મયંકભાઈ સોઢા દ્વારા કરવામાં આવી હતી.

### યુવા સહકાર તાલીમનાંડ વર્ગનું સાપ્તાહિક આયોજન



તા. ૨૫/૭/૨૦૨૨ થી તા. ૩૦/૭/૨૦૨૨ છ દિવસ સુધી જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી અને સુરત જિલ્લા સહકારી સંઘ તથા પ્લાનિંગ ફોરમ કમિટીનાં સંયુકત ઉપક્રમે ઈ.ચા. આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ યુવા સહકાર તાલીમનાં વર્ગનું સાપ્તાહિક આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમ વર્ગમાં ગુજરાત રાજ્ય સહકારી સંઘના નિવૃત સહકારી શિક્ષણાધિકારી શ્રી દિલીપભાઈ એન. દેસાઈ દ્વારા સહકારી સંસ્થામાં વ્યવસ્થા અને વહીવટ વિષય પર સર કે.પી.કોમર્સ કોલેજના નિવૃત અધ્યાપકશ્રી સૂર્યકાંતભાઈ શાહ દ્વારા સહકારી ક્ષેત્રે સરકારની નીતિ વિષય પર અને નવયુગ આર્ટ્સ કોલેજના પ્રાધ્યાપિકા શ્રીમતી રીટાબહેન મહેતા દ્વારા સહકાર અને મહિલા સશકિતકરણ વિષય પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં પ્રા. કનુભાઈ સુતરીયા, પ્રા. જીતેન્દ્ર ચૌધરી તથા ડૉ. ઝંખનાબેન પરમાર ઉપસ્થિત રહ્યા હતા. સહકારના વર્ગનાં કો–ઓડિનેટરશ્રી પાર્વતીબેન બી. પટેલ દ્વારા સમગ્ર તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. યુવા સહકાર તાલીમ વર્ગના અંતિમ દિવસે વિદ્યાર્થી મિત્રોને સહકારી સંસ્થાની પ્રત્યક્ષ મુલાકાતરુપે સુરત જિલ્લાની સુમુલ ડેરીની વિઝિટે લઈ જવામાં આવ્યા હતા.

### પોસ્ટર મેકિંગ સ્પર્ધા

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ. શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૦૨ ઓગષ્ટ ૨૦૨૨ને મંગળવારના રોજ ૭૫મા આઝાદી કા અમૃત મહોત્સવના ઉજવણીના ભાગ રૂપે તથા સપ્તધારા અંતર્ગત ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાના માગદર્શન હેઠળ 'આંતર કોલેજ પોસ્ટર મેકિંગ

સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે મુન્સી મહિલા બી.એડ્ કોલેજ, ભરૂચના આચાર્યશ્રી ડૉ. અર્જુન ગઢવી, એમ.કે.કોલેજ ઓફ કોમર્સ, ભરૂચના શ્રી મોહિનીબેન વૈષ્ણવ, લાયન નરેશભાઈ પારેખ, લાયન જયન્તીભાઈ પ્રજાપતિ, લાયન અવિનાશભાઈ વ્યાસ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રત્સાહિત કરી માર્ગદર્શન પૂરું પાડયું હતું. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી અજીતસિંગ ખેર અને શ્રી રાકેશભાઈ ટેલર હાજર રહ્યા હતા.

સ્પર્ધાની શુભ શરૂઆત એસ.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીની બારવલિયા કૃપાલીએ પ્રાર્થનાથી કરી હતી. મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કરી કો–ઓડિનેટરશ્રી પ્રા. ડૉ. રીતુબેન અગ્રવાલે  સ્પર્ધાકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. મહેમાનો તેમજ નિર્ણાયકો પરિચય પ્રા. ડૉ. ચિરાગ કે. સિધ્ધપુરિયાએ કરાવ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કોલેજોના ૨૨ જેટલા સ્પર્ધાકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજના સમન્તા સુસ્મીતા, દ્વિતિય ક્રમે એમ.ટી.બી.આર્ટ્સ કોલેજના સિંગ ઓમ પ્રકાશ અને તૃતિય ક્રમે જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના સોલંકી નિશા તથા નારણલાલા ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશનના પટેલ મિત આશ્વાસન ઇનામ તરીકે વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધાનું સંચાલન પ્રા. સંદિપભાઈ કલસરિયાસાહેબ અને પ્રા. બીનાબેન રાવલ તથા આભારવિધિ પ્રા. ડૉ. રીતુબેન અગ્રવાલ દ્વારા કરવામાં આવી હતી.







## વૃક્ષારોપણ કાર્યક્રમ

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી અને વાઈલ્ડ યુ. ટર્ન ચેરિટેબલ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે તા. ૧–૨ ઓગષ્ટ ૨૦૨૨ને સોમ–મંગળવારના રોજ ૭૫માં આઝાદી કા અમૃત મહોત્સવના ઉજવણીના ભાગરૂપે 'હરિયાળું અમરોલી' અંતર્ગત ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'વૃક્ષારોપણ કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

વાઇલ્ડ યુ. ટર્ન ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી રોહિતભાઈ સુતરિયા અને એમની ટીમ તેમજ કોલેજના ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણા, ડૉ. મયંકભાઈ સોઢા તેમજ NSS, NCC અને ગ્રીન કલબ સાથે જોડાયેલા વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ છોડવાનું વાવેતર કરી અમરોલી કોલેજ કેમ્પસને હરિયાળું બનાવવા પ્રયત્ન હાથ ધર્યા હતા. જેનાથી વિદ્યાર્થી અને સમાજમાં પ્રકૃતિ અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાનો સંદેશ પહોચાડવામાં આવ્યો હતો. જેમાં NSS  ના સ્વયંસેવકો વિવેક ખુંટ, આશિષ સંથાર, રોહિત અલગોતર, વિધિ કાકલોતર, અનિકેટ શિરોયા, યોગેશ ભરવાડ, પ્રતિક પંડયા તેમજ અન્ય સ્વયંસેવકો તથા અન્ય સ્વયંસેવિકાઓ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી.



## સ્વામી વિવેકાનંદજીની વિચારધારા અને યુવા સંમેલન



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી અને શ્રી રામકૃષ્ણ મિશન વિવેકાનંદ મેમોરિયલ, વડોદરા સંચાલિત શ્રી સ્વામી વિવેકાનંદ લાઈફ મોલ્ડીગ સેન્ટર, સુરતના સંયુકત ઉપક્રમે તા. ૬ ઓગષ્ટ ૨૦૨૨ને શનિવારના રોજ ૭૫માં આઝાદી કા અમૃત મહોત્સવના ઉજવણીના ભાગરૂપે 'વિવેકાનંદ અને આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'સ્વામી વિવેકાનંદજીની વિચારધારા અને યુવા સંમેલન' સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેમિનાર સ્વામી વિવેકાનંદજીની આધ્યાત્મિક વિચારધારાથી ભારતના ઉજ્જવળભાવી એવા યુવાનોનાં સર્વાંગી વિકાસ માટેની આઝાદીના સંદર્ભે માહિતી આપવામાં આવી હતી. જેમાં મુખ્ય વકતા તરીકે સ્વામીજી શ્રી અનંતરાનંદજી તથા શ્રીમાન સંજયભાઈ ગેડીયા, શ્રીમાન રમેશભાઈ પટેલ અને પ્રા. શિવાનીબેન રાજપૂત હાજર રહ્યા હતા. સમગ્ર સેમિનારનું સંચાલન NSS યુનિટ દ્વારા કરવામાં આવ્યું હતું.

## આંતર કોલેજ ક્વિઝ સ્પર્ધા





જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૧૦ ઓગષ્ટ ૨૦૨૨ને બુધવારના રોજ ૭૫મા આઝાદી કા અમૃત મહોત્સવના ઉજવણીના ભાગરૂપે તથા સપ્તધારા અંતર્ગત ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'આપણું ગુજરાત – આંતર કોલેજ ક્વિઝ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે શ્રી જગદીશભાઈ ફિટર, શ્રી ધનવંતભાઈ પંડયા, શ્રી નરેશભાઈ ગાંધી અને શ્રીમતી નિશિબેન અગ્રવાલ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા તેમજ માર્ગદર્શન પૂરું પાડયું હતું. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા.ડૉ.સેજલબેન એ. દેસાઈ હાજર રહ્યા હતા.

સ્પર્ધાની શુભ શરૂઆત એસ.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીની કૃપાલી બરવલીયાએ પ્રાર્થનાથી કરી હતી. મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કરી સ્પર્ધાના કો–ઓડિનેટર પ્રા. ડૉ. સેજલબેન દેસાઈએ સ્પર્ધાકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. મહેમાનો તેમજ નિર્ણાયકોનો પરિચય પ્રા. મનીષભાઈ પટેલ સાહેબે કરાવ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કોલેજોના ૩૦ જેટલા સ્પર્ધાકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે ઉધના સીટીઝન કોમર્સ કોલેજના બાગડે સોનમકુમારી તથા ધીંગ ભારતીકુમારી, દ્વિતીય ક્રમે જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના શ્રી પાંડવ કેવલ તથા અવૈયા બંસીકુમારી, તૃતીય ક્રમે નવયુગ કોમર્સ કોલેજના શ્રી જિકાદરા નિરજ તથા શ્રી પ્રજાપતિ યુવરાજ તેમજ જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના કાકડીયા રિધ્ધિબેનને પ્રેક્ષકોમાંથી ઇનામને પાત્ર વિજેતા તરીકે જાહેર થયા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન પ્રા. રોહિત ચૌહાણ તથા આભારવિધિ પ્રા.ડૉ.મયંકભાઈ સોઢા દ્વારા કરવામાં આવી હતી. જુદી જુદી કોલેજો સાથેનું સંકલન સિનિયર કલાર્ક શ્રી કિશોરભાઈ સોલંકી અને એમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સંસ્કૃત શ્લોક પઠન સ્પર્ધા



જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૬ ઓગષ્ટ ૨૦૨૨ને શનિવારના રોજ ૭૫મા આઝાદી કા અમૃત મહોત્સવના ઉજવણીના ભાગરૂપે તથા સપ્તધારા અંતર્ગત ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'સ્વ. ડૉ. રમાબેન એચ. પટેલ મેમોરિયલ આંતર કોલેજ સંસ્કૃત શ્લોક પઠન સ્પધા''નું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે શ્રી નરેશભાઈ પારેખ, શ્રી ભુપેન્દ્રભાઈ ચાહવાલા અને શ્રી રમેશભાઈ પ્રજાપતિ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી માર્ગદર્શન પૂરું પાડયું હતું. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રીમતિ મનીષાબેન પટેલ અને શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી હાજર રહ્યા હતા.

સ્પર્ધાની શરૂઆત એસ.વાય.બી.એ.ના વિદ્યાર્થીની જાનવી ચૌહાણ પ્રાર્થનાથી કરી હતી. મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કરી સ્પર્ધાના કો–ઓડિનેટર પ્રા. નરેન્દ્રભાઈ બારૈયાએ સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. મહેમાનો તેમજ નિર્ણાયકોનો પરિચય પ્રા. ચાંદનીબેન જોષીએ કરાવ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કોલેજોના ૨૮ જેટલા સ્પર્ધાકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

સમગ્ર સ્પર્ધાનું સંચાલન અને આભારવિધિ પ્રા. સોનલબેન કાકલોતર દ્વારા કરવામાં આવી હતી. જુદી જુદી કોલેજો સાથેનું સંકલન સિનિયર કલાર્ક શ્રી કિશોરભાઈ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.

## હર ઘર તિરંગા યાત્રા

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં ૭૫ માં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ સમગ્ર અમરોલી વિસ્તારમાં 'હર ઘર તિરંગા યાત્રા'નું ભવ્ય આયોજન તા. ૧૩ ઓગષ્ટ ૨૦૨૨ને શનિવારના રોજ સવારે ૮:૩૦ કલાકે કરવામાં આવ્યું હતું. કોલેજના NSSની કેડેટ્સ તથા કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સહિત કોલેજ સંકુલના ૧૦,૦૦૦ થી વધુ વિદ્યાથી/વિદ્યાર્થિનીઓએ હાથમાં તિરંગા સાથે યાત્રામાં જોડાયા હતા. આ તિરંગા યાત્રામાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, NSSના કો–ઓડિનેટરશ્રી પ્રકાશચંદ્વ, જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, માનદ્ મંત્રીશ્રી અનુજભાઈ શાહ, ૧૫૫ ઓલપાડ વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્યશ્રી અને ગુજરાત સરકારના કૃષિ, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના રાજયમંત્રીશ્રી મુકેશભાઈ પટેલ, કોર્પોરેટરશ્રી ભાવિશાબેન બી. પટેલ, કોર્પોરેટરશ્રી રાજેન્દ્રભાઈ જી. પટેલ, બક્ષીપંચ સેલના કન્વીનર શ્રી અનિમેષભાઈ, સિન્ડિકેટ સભ્યશ્રી કનુભાઈ અલગોતર તેમજ આર.વી.પટેલ કોલેજના આચાર્યશ્રી ડૉ. મુકેશભાઈ ગોયાણી, કોલેજના સમગ્ર શૈક્ષણિક તથા વહીવટી સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

આ યાત્રા ડી.જે. ના તાલ સાથે અમરોલી કોલેજથી શરૂ થઈ માનસરોવર સર્કલ – ક્રોસ રોડ – સત્તાધાર ચોકડી થઈ કોલેજ કેમ્પસમાં પરત આવી હતી. 'હર ઘર તિરંગા યાત્રા'ના આયોજન અન્વયે સમગ્ર અમરોલી વિસ્તારના રહીશોએ શુભેચ્છાઓ પાઠવી આવકાર અને સુંદર પ્રતિસાદ આપ્યો હતો.









## ધ્વજવંદન કાર્યક્રમ



જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના કોલેજ કેમ્પસ પર ૧૫મી ઓગસ્ટ, ૨૦૨૨ને સોમવારના રોજ ૭૫મા આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ૭૬ મો સ્વતંત્રતા દિન નિમિત્તે સવારે ૯:૨૦ કલાકે કોલેજના ઈ.ચા. આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના નેતૃત્વ હેઠળ વિવિધ સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલ શ્રી પ્રકાશભાઈ પટેલના વરદ હસ્તે ધ્વજવંદન થયું હતું. ધ્વજવંદન કાર્યક્રમને ઓનલાઈન રાખી Microsoft Team, Zoom, You Tube, Twitter, Face Book અને Instagramના માધ્યમથી વિદ્યાર્થી અને લોકો સુધી લાઈવ પ્રસારણ દ્વારા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકોએ આ લાઈવ કાર્યક્રમમાં ઓનલાઈન જોડાઈ ધ્વજવંદન કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખ ભાનુભાઈ શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ અને શ્રી અનુજભાઈ શાહ, ટ્રસ્ટીશ્રી ગૌરાંગભાઈ દેસાઈ, સભ્યશ્રી

ડૉ. મહેન્દ્રકુમાર સોલંકી, ડૉ. લક્ષ્મણભાઈ પટેલ, ટ્રસ્ટીશ્રી કાંતિભાઈ શાહ, શ્રી કિરીટભાઈ, અમરોલી પોલીસ સ્ટેશનના PSI શ્રી એસ. ડી. કારેણામેમ, કોન્સ્ટેબલ શ્રી ભાગ્યશ્રીબેન, શ્રી રીટાબેન, શ્રી પાયલબેન, એસ.પી.બી. સ્કુલના ઇ.ચા.આચાર્ય શ્રીમતી સેજલબેન પટેલ તેમજ સમગ્ર સંકુલના શૈક્ષણિક, વહીવટી કર્મચારીઓ સાથે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે NCC CTO ગીતાબેન જિકાદરા અને SUO કંચનકુમારી ચૌધરી, JUO ડીમ્પલકુમારી રાજપૂત, JUO નેહલકુમારી સોનકરની રાહબરી હેઠળ એન.સી.સી.ના વિદ્યાર્થીઓએ ભવ્ય પરેડ કરી હતી. મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત શ્રી પ્રકાશભાઈ પટેલે તથા જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઈ શાહે રાષ્ટ્રના વિકાસમાં યુવા શકિતની ભૂમિકા વિશે, દેશને આઝાદી અપાવનાર વીર સપૂતોને યાદ કર્યા હતા. મહેમાનોનો પરિચય મંત્રીશ્રી અનુજભાઈ શાહે આપ્યો હતો.

આ કાર્યક્રમમાં કોલેજના બી.એ., બી.કોમ., બી.બી.એ., એમ.એ., એમ.કોમ., બી.સી.એ. તેમજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અભ્યાસ કેન્દ્રના અને એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ સમગ્ર સંકુલના શૈક્ષણિક, વહીવટી કર્મચારીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વાલીઓ સહિત વિશાળ સમુદાયમાં હાજર રહ્યા હતા. કોલેજના ઈ.ચા.આચાર્યશ્રી ડૉ.રાજેશકુમાર ડી. રાણા દ્વારા પ્રસંગોચિત્ત વકતવ્ય આપવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન અને અંતે આભારવિધિ ડૉ. રુસ્તમ એન. સદરીએ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા.બી.ડી.પટેલ, પ્રા.બી.એન.પટેલ, પ્રા.સી.યુ.નાયક, પ્રા. એન.બી.બારીયા તથા શૈક્ષણિક અને વહીવટી કર્મચારીગણે સુંદર સહકાર આપ્યો હતો.

## પુસ્તક સમીક્ષા સ્પર્ધા



જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૧૮ ઓગષ્ટ ૨૦૨૨ને ગુરુવારના રોજ ૭૫માં આઝાદી કા અમૃત મહોત્સવના ઉજવણીના ભાગરૂપે તથા સપ્તધારા અંતર્ગત ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'કવિ નર્મદ આંતર કોલેજ પુસ્તક સમીક્ષા સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે શ્રી મયુરકુમાર અરવિંદભાઈ પટેલ, શ્રી હસુભાઈ કે. પટેલ તથા શ્રી ભાવિનભાઈ પટેલ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા તેમજ માર્ગદર્શન પૂરુ પાડયું હતું. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી જાવેદભાઈ કરોડિયા અને શ્રી આશાબેન પારેખ હાજર રહ્યા હતા.

સ્પર્ધાની શરૂઆત એસ.વાય.બી.એ.ની વિદ્યાર્થીની જાનવી ચૌધરી પ્રાર્થનાથી કરી હતી. મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કરી સ્પર્ધાના કો–ઓર્ડિનેટર પ્રા. કનુભાઈ પટેલે સ્પર્ધાકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. મહેમાનો તેમજ નિર્ણાયકોનો પરિચય પ્રા. મનીષ ટેલરે કરાવ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કોલેજોના ૨૦ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે ઝેડ.એફ.વાડિયા વુમન્સ કોલેજના ડારેકર કુશાંગીકુમારી, દ્વિતિય ક્રમે વી.બી.શાહ કોલેજના કુકોટીયા જેન્સીલ, ત્રીજા ક્રમે શ્રી મહાવીર બી.એડ્ કોલેજના ભીલ સુમિતાબેન તેમજ જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના મહેતા તોરલકુમારીને આશ્વાસન ઈનામ આપી વિજેતા જાહેર થયા હતા.

સમગ્ર સ્પર્ધાનું સંચાલન પ્રા. રાજ ડુમસિયા તથા આભારવિધિ પ્રા. મનીષ ટેલર દ્વારા કરવામાં આવી હતી. જુદી જુદી કોલેજો સાથેનું સંકલ્ન સિનિયર કલાર્ક શ્રી કિશોરભાઈ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.

## એકપાત્રીય અભિનય સ્પર્ધા



જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૨૨ ઓગષ્ટ ૨૦૨૨ને સોમવારના રોજ ૭૫મા આઝાદી કા અમૃત મહોત્સવના ઉજવણીના ભાગરૂપે તથા સપ્તધારા અંતર્ગત ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'ચં.ચી.મહેતા પુરસ્કૃત આંતર કોલેજ એકપાત્રીય અભિનય સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે વોર્ડ નં. ૧ના નગર સેવક શ્રી રાજેન્દ્રભાઈ પટેલ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી માર્ગદર્શન પૂરુ પાડયું હતું. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી મિહિરભાઈ પાઠક અને શ્રી ભરતભાઈ ભટ્ટ હાજર રહ્યાં હતા.

સ્પર્ધાની શરૂઆત એસ.વાય.બી.એ.ની વિદ્યાર્થીની જાનવી ચૌહાણે પ્રાર્થનાથી કરી હતી. મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કો–ઓર્ડિનેટર પ્રા. નેહાબેન ઉપાધ્યાયે સ્પર્ધાકોને સ્પર્ધા વિષે સમજ આપી

હતી. મહેમાનો તેમજ નિર્ણાયકોનો પરિચય પ્રા.ડૉ. ઝંખનાબેન પરમારે કરાવ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કોલેજના ૧૫ જેટલા સ્પર્ધાકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલીના હીનલ કોરિયા, દ્વિતિય ક્રમે આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલીના સાહિલ મકવાણા અને એમ.ટી.બી.આર્ટ્સ કોલેજના રીચા શાહ, ત્રીજા ક્રમે શ્રીમતિ વી.આર.ભકતા કોલેજ, કામરેજના વૈભવી ભટ્ટ અને આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલીના સિરસઠ ઉન્નતિ તેમજ વુમેન્સ આફટરનૂન એડિશનલ કલાસ C/O જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલીના સંધ્યા વિશ્વકર્મા અને હિનલ કોરિયા રનીંગ શીલ્ડના વિજેતા તરીકે જાહેર થયા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન પ્રા.ભ્રાતિબેન ગોહેલ તથા આભારવિધિ પ્રા. રાજ ડુમસિયા દ્વારા કરવામાં આવી હતી. જુદી જુદી કોલેજો સાથેનું સંકલન સિનિયર કલાર્ક શ્રી કિશોરભાઈ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.

## પાદ્પૂર્તિ સ્પર્ધા




જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ. શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૨૪ ઓગષ્ટ, ૨૦૨૨ને મંગળવારના રોજ ૭૫માં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે તથા સપ્તધારા અંતર્ગત ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'આંતર કોલેજ પાદ્પૂર્તિ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે બંસરી હોસ્પિટલ, અમરોલીના તબીબ ડૉ. મેહુલભાઈ ભાવસાર અને સરભાણ કોલેજના એસોસિએટ પ્રો. ડૉ. સંજયભાઈ સિંદે હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી માર્ગદર્શન પૂરુ પાડયું હતું. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે અમદાવાદની કોલેજના ગુજરાતી વિભાગના એસોસિએટ પ્રો. ડૉ. ધ્વનિલ પારેખ ઓનલાઈન હાજર રહ્યા હતા.

સ્પર્ધાની શરૂઆત એસ.વાય.બી.એ.ની વિદ્યાર્થીની જાનવી ચૌહાણે પ્રાર્થનાથી કરી હતી. મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કરી સ્પર્ધાના કો–ઓર્ડિનેટર પ્રા.ડૉ.બી.એન. ઢીમ્મરે સ્પર્ધાકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. મહેમાનો તેમજ નિર્ણાયકોનો પરિચય પ્રા.ચાંદનીબેન જોષીએ કરાવ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું.

સમગ્ર સ્પર્ધાનું સંચાલન પ્રા. ચાંદનીબેન જોષી તથા આભારવિધિ પ્રા. વિજય એમ.ચૌધરી દ્વારા કરવામાં આવી હતી. જુદી જુદી કોલેજો સાથેનું સંકલન સિનિયર કલાર્ક શ્રી કિશોરભાઈ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.

## NSS Orientation કાર્યક્રમ




જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૨૫ ઓગષ્ટ, ૨૦૨૨ને ગુરૂવારના રોજ ૭૫મા આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર. ડી. રાણાના માર્ગદર્શન હેઠળ પ્રથમ વર્ષ બી.એ.ના વિદ્યાર્થીઓ માટે 'NSS Orientation કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. પ્રદિપકુમાર લેન્કા ઉપસ્થિત રહી એન.એસ.એસ. અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરી માર્ગદર્શન પૂરું પાડયું હતું.

કાર્યક્રમની શરૂઆત એસ.વાય.બી.એ.ની વિદ્યાર્થીની જાનવી ચૌહાણે પ્રાર્થનાથી કરી હતીફ મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. શ્રી વિજયભાઈ ચૌધરી, પ્રા. શ્રી. જિતેન્દ્રભાઈ ચૌધરી અને ડૉ. મયંકભાઈ સોઢા તથા અન્ય પ્રા.હર્ષદભાઈ પટેલ અને પ્રા. નિર્મિતાબેન ભાદાણી હાજર રહ્યા હતા. મહેમાનોનો પરિચય ડૉ. મયંકભાઈ સોઢાએ કરાવ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. વિજયભાઈ ચોધરી તથા આભારવિધિ પ્રા. જિતેન્દ્રભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવી હતી.

## બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ સ્પર્ધા

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૨૯ ઓગષ્ટ, ૨૦૨૨ને સોમવારના રોજ ૭૫માં આઝાદી કા અમૃત મહોત્સવજન ઉજવણીના ભાગરૂપે તથા સપ્તધારા અંતર્ગત ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'આંતર કોલેજ બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે કે.એન્ડ.એમ.પી.પટેલ વિદ્યાલય, અમરોલીના પ્રિ.

પ્રતાપસિંહે કે. એન. બારસડીયા હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા તેમજ માર્ગદર્શન પુરુ પાડયું હતું. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી કેતનભાઈ પટેલ અને શ્રી દિવ્યેશભાઈ બાગડાવાલા હાજર રહયા હતા.

સ્પર્ધાની શરૂઆત એસ.વાય.બી.એ.ની વિદ્યાર્થીની જાનવી ચૌહાણે પ્રાર્થનાથી કરી હતી. મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કરી સ્પર્ધાના કો–ઓડિનેટર પ્રા. કનુભાઈ સુતરિયાસાહેબે સ્પર્ધાકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. મહેમાનો તેમજ નિર્ણાયકોનો પરિચય પ્રા. શ્વેતાબેન પટેલે કરાવ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કોલેજના ૧૪ જેટલા સ્પર્ધાકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે વી.આર.ભકતા કોલેજ, કામરેજના શિંધા સંનિલકુમાર, દ્વિતિય ક્રમે એમ.ટી.બી. કોલેજ, અઠવાલાઇન્સના સિંધ ઓમકુમાર, ત્રીજા ક્રમે મહાવીર કોલેજના, પાંડેસરાના બાબરિયા રિદ્ધિબેન તેમજ સર કે.પી.કોમર્સ ઇવનિંગ કોલેજના રાઈ ધવલકુમાર આશ્વાસન ઇનામ આપી વિજેતા જાહેર થયા હતા.

સમગ્ર સ્પર્ધાનું સંચાલન પ્રા.સુરભીબેન કાછિયા તથા આભારવિધિ પ્રા. કનુભાઈ સુતારિયા દ્વારા કરવામાં આવી હતી. જુદી જુદી કોલેજો સાથેનું સંકલન સિનિયર કલાર્ક શ્રી કિશોરભાઈ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.





## આંતર કોલેજ રંગોળી સ્પર્ધા

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૨૬ ઓગષ્ટ, ૨૦૨૨ને શુક્રવારના રોજ ૭૫મા આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે તથા સપ્તધારા અંતર્ગત ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'આંતર કોલેજ રંગોળી સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે લાયન્સ કલબ, સુરત નોર્થના પ્રેસિડન્ટ શ્રી જગદીશભાઈ ફિટર, શ્રી ચેતનભાઈ ગાંધી, શ્રી રાજેશભાઈ ડિટર, શ્રી નરેશભાઈ ગાંધી હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા તેમજ માર્ગદર્શન પુરું પાડયું હતું. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી જિગીષાબેન દેસાઈ અને શ્રી જાસ્મીનબેન પરમાર હાજર રહ્યાં હતા.

સ્પર્ધાની શરૂઆત એસ.વાય.બી.એ.ની વિદ્યાર્થીની જાનવી ચૌહાણે પ્રાર્થનાથી કરી હતી. મહેમાનોનું પુસ્તકથી અભિવાદન કરી સ્પર્ધાના કો–ઓડિનેટર પ્રા. બિંદુબેન ઠાકોરે સ્પર્ધાકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. મહેમાનો તેમજ નિર્ણાયકોનો પરિચય પ્રા. ડૉ. ઝંખનાબેન પરમારે કરાવ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ –ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કોલેજના ૩૫ જેટલા સ્પર્ધાકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, અમરોલીના મહેતો અંશુકુમાર, દ્વિતિય ક્રમે એમ.ટી.બી. આર્ટ્સ કોલેજના સિંધ ઓમ અને જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના ધામેલિયા ધ્રુવિનકુમાર, ત્રીજા ક્રમ જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના બારૈયા એકતાબેન એન તરપરા બંસરીબેન વિજેતા જાહેર થયા હતા તેમજ તમામ સ્પર્ધાકોને સર્ટીફિકેટ આપવામાં આવ્યા હતા.

સમગ્ર સ્પર્ધાનું સંચાલન પ્રા. ડૉ. ઝંખનાબેન પરમાર તથા આભારવિધિ પ્રા. નિહારીકાબેન જોષી દ્વારા કરવામાં આવી હતી. જુદી જુદી કોલેજો સાથેનું સંકલન સિનિયર કલાર્ક શ્રી કિશોરભાઈ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.





## પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

### પુસ્તક પરિચય સ્પર્ધા







તા. ૦૮–૦૮–૨૦૨૨ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ તેમજ વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ સુટેક્ષ કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલી સેલ્ફ ફાઈનાન્સ કોલેજ ગ્રુપ દ્વારા આંતર વર્ગીય પુસ્તક પરિચય સ્પર્ધાનું આયોજન કરાયું હતું જેમાં કોલેજ કેમ્પસની વિવિધ કોલેજના ૩૬ જેટલા સ્પર્ધકોએ પોતે વાંચેલા વિવિધ સાહિત્યના પુસ્તકોના વિચારો રજૂ કર્યા હતા અને તેમના વકતવ્ય દ્વારા શ્રોતાઓના જ્ઞાનમાં વધારો કર્યો હતો. આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ લાઈબ્રેરી કમિટીના સભ્યો શ્રી ડૉ. સોનલ ભારતી, શ્રી પૂજાબેન, પ્રા. ભાવેશભાઈ પચ્ચીગર, પ્રા. ડૉ. તન્વીબેન ભાલાલા દ્વારા યોજાયેલ આ સ્પર્ધામાં કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી હાલમાં શિક્ષક તરીકે કાર્યરત શ્રી ભૌતિક પાટડીયા દ્વારા નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી જે મુજબ પ્રથમ ક્રમે પરમાર સંજના, દ્વિતિય ક્રમે કાંકોટીયા જેન્સીલ, તૃતિય ક્રમે પધનાની હેમાંશી વિજેતા તરીકે જાહેર થયા હતા. સ્પર્ધાને અંતે દરેક વિદ્યાર્થીઓને પારિતોષિક અને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા.

### દેશ ભક્તિ ગીત સ્પર્ધા













જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ તેમજ બી.સી.એ વિન્ટરસેશન, અમરોલી દ્વારા સાંસ્કૃતિક પ્રવૃત્તિના ભાગ રૂપે તા. ૧૩–૮–૨૦૨૨ના રોજ કોલેજના ૨૫માં વર્ષમાં મંગળ પ્રવેશ અને સ્વતંત્રતા દિવસની ઉજવણીના ભાગ રૂપે દેશભકિત ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત B.Com. અને BBA ની વિદ્યાર્થિનીઓ દર્શના વિનોદભાઈ તરસરીયા અને પ્રિયાંશી ચેતનભાઈ પટેલ તેમજ બીનલ દિનેશભાઈ બાબરિયા દ્વારા સુંદર પ્રાર્થનાથી કરવામાં આવી હતી. શરૂઆતમાં કોલેજના આચાર્ય શ્રી ડૉ. મુકેશ ગોયાણી સર અને BCA કોલેજના કો–ઓર્ડિનેટર ડૉ. જૈમીન શુકલાએ વકતવ્ય આપી

વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ સ્પર્ધામાં ૬૧ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાનું ટેલેન્ટ રજૂ કર્યું હતું. સ્પર્ધાના નિર્ણાયક તરીકે સુરતના ૧૪ વર્ષનો અનુભવ ધરાવતા અને મ્યુઝિક ક્લાસીસ ચલાવતા એવા શ્રી સંદીપ બરાડ અને જીવન જ્યોત શાળાના દિવાન રમઝાનશા મહેમુદશા દ્વારા નિર્ણાયક તરીકે સેવા આપી હતી. નિર્ણાયક દ્વારા ૯ જેટલા વિદ્યાર્થીઓને સ્પર્ધાના વિજેતા તરીકે પસંદગી કરવામાં આવી હતી, જેમાં B.Com. માં પ્રથમ ક્રમે કલ્પેશ મનસુખભાઈ ચૌહાન, બીજા ક્રમે વર્ષારાની ભાબાગ્રહી પ્રધાન, ત્રીજા ક્રમે કાજલ ધનશ્યામભાઈ સોડવાડીયા તેમજ BBA માં પ્રથમ ક્રમે બાબરીયા બીનલ દિનેશભાઈ, બીજા ક્રમે પેથાની હેપ્પી ગીરીશભાઈ, ત્રીજા ક્રમે ભાલોડિયા હેન્વી આયુષભાઈ અને BCA માં પ્રથમ ક્રમે ધેબરીયા પ્રિયંકા અશોકભાઈ, બીજા ક્રમે આહિર વૃત્તિ દનેશભાઈ, ત્રીજા ક્રમે ભીંગરાડીયા તીર્થ નરશીભાઈની પસંદગી થવા પામી હતી, અંતે નિર્ણાયક તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા વિદ્યાથીઓને પ્રેરણા અને પ્રોત્સાહન આપવામા આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના આચાર્ય ડૉ. મુકેશ આર ગોયાણીના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક સમિતિના સભ્યો ડૉ. સુધાધારા સામલ, ટવિન્કલ પંચાલ તેમજ ડૉ. છાયા પટેલ અને જાસ્મીની ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે રાષ્ટ્રગીતથી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી.

## સ્વામી વિવેકાનંદના પ્રત્યક્ષ તેમજ પરોક્ષ ફાળા અંગે પ્રદર્શન





જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ) તેમજ સુટેક્ષ કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત તા. ૬–૮–૨૦૨૨ના રોજ રામ કૃષ્ણ મીશન વિવેકાનંદ મેમોરિયલ વડોદરાના સંયુક્ત ઉપક્રમે મીશનમાં લાંબા સમયથી સેવા આપનાર સ્વામી શ્રી અનાતરાનંદજી દ્વારા આઝાદીની ચળવળમાં સ્વામી વિવેકાનંદના પ્રત્યક્ષ તેમજ પરોક્ષ ફાળા વિષે ખૂબ ઉમદા રજુઆત કરી વિદ્યાર્થીઓને લાભાન્વિત કર્યા હતા. આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શક તેમજ ઉત્રાણ નગર પ્રાથમિક શાળાના આચાર્યશ્રી મનીષ ભરોડીયાના સહયોગથી પ્રા. ભાવેશ પચ્ચીગર દ્વારા સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયેલ હતો. કાર્યક્રમમાં સહભાગી એવા ૨૫૦ વિદ્યાર્થીઓને અલ્પાહાર કરાવી પ્રમાણપત્ર અને વિવેકાનંદજી પર આધારિત પુસ્તક અર્પણ કરાયા હતા.

## મટકી ડેકોરેશન સ્પર્ધા









જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ તેમજ બી.સી.એ વિન્ટર સેશન, અમરોલી દ્વારા સાંસ્કૃતિક પ્રવૃત્તિના ભાગરૂપે તા. ૧૮/૮/૨૦૨૨ના રોજ કોલેજના ૨૫માં વર્ષમાં મંગળ પ્રવેશ અને જન્માષ્ટમી ઉત્સવની ઉજવણીના ભાગરૂપે મટકી ડેકોરેશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત B.Com. અને BBAની વિદ્યાર્થીનીઓ નસીત ધ્રુવી અમિતભાઈ, પ્રિયાંશી ચેતનભાઈ પટેલ અને કાકડિયા માહી સંજયભાઈ તેમજ બીનલ દિનેશભાઈ બાબરિયા દ્વારા

સુંદર પ્રાર્થનાથી કરવામાં આવી હતી. શરૂઆતમાં કોલેજના આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણી અને BCA કોલેજના કો–ઓર્ડિનેટર ડૉ. જૈમીન શુકલાએ વકતવ્ય આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાનું ટેલેન્ટ રજૂ કર્યુ હતું. સ્પર્ધાના નિર્ણાયક તરીકે જીવન જ્યોત શાળાના આર્ટ અને ડિઝાઈનિગ ક્ષેત્રે ૨૨ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષક શ્રી રાકેશ ટેલર અને ક્રાફટ અને ડ્રોઈંગ ક્ષેત્રે ૬ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકશ્રી વર્ષા કોસાડિયા દ્વારા નિર્ણાયક તરીકે સેવા આપી હતી. નિર્ણાયક દ્વારા ૯ જેટલા વિદ્યાર્થીઓને સ્પર્ધાના વિજેતા તરીકે પસંદગી કરવામાં આવી હતી. અંતે નિર્ણાયક તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા વિદ્યાથીઓને પ્રેરણા અને પ્રોત્સાહન આપવામા આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના આચાર્ય ડૉ. મુકેશ આર ગોયાણીના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક સમિતિના સભ્યો ડૉ. સુધાધારા સામલ, ટવિન્કલ પંચાલ તેમજ ડૉ. છાયા પટેલ અને જાસ્મીની ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે રાષ્ટ્રગીતથી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી.

## રાખડી બનઢાવવાની સ્પર્ધા





## ચેસ (ભાઈઓ) ટુનામેન્ટ







જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ તેમજ વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ અમરોલી મુકામે તા. ૨૨ ઓગષ્ટ ૨૦૨૨ થી તા. ૨૬ ઓગષ્ટ ૨૦૨૨ દરમ્યાન પાંચ દિવસ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આંતર કોલેજ ચેસ (ભાઈઓ) ટુનામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉદ્‌ઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડા તેમજ અતિથિ વિશેષ તરીકે યુનિવર્સિટીના સ્પોર્ટ્સ ડાયરેકટર શ્રી ડેવિડ પોલ હાજર રહ્યાં હતા. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન યુનિવર્સિટી સંલગ્ન ૩૬ કોલેજમાંથી ૧૭૬ જેટલા વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભા દર્શાવી હતી. ટુનામેન્ટને અંતે પ્રથમ વિજેતા તરીકે કે.બી.એસ. કોમર્સ કોલેજ, વાપી તેમજ દ્વિતીય વિજેતા તરીકે પ્રોફેસર વી.બી.શાહ ઇન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ અમરોલી કોલેજની ટીમ વિજેતા રહ્યા ઉપરાંત ટુનામેન્ટના અંતિમ બે દિવસ દરમ્યાન આંતર યુનિવર્સિટી ચેસ (ભાઈઓ) ટીમ માટે ૪૦ ખેલાડીઓ ભાગ લીધો હતો, જે પૈકી ૬ ખેલાડીઓને આંતર યુનિવર્સિટી ચેસ ટીમ માટે પસંદગી અને ૪ ખેલાડીઓને અવેજી (સ્ટેન્ડ બાય) તરીકે પસંદગી કરવામાં આવ્યા હતા.સમાપન સમારોહમાં એસ.પી.બી. ઈંગ્લીશ મીડીયમ કોલેજના ઈ.ચા.આચાર્યશ્રી અશોકભાઈ શાહે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ

વધાર્યો હતો. કોલેજના આચાર્ય ડૉ. મુકેશ આર ગોયાણીના માર્ગદર્શક હેઠળ, કોલેજના સ્પોર્ટ્સના પ્રા. ડોક્ટર પ્રદીપ કુમાર લેન્કા અને કોલેજ પરિવારના સહયોગથી સમગ્ર ટુર્નામેન્ટ સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

## આરતી–થાળી ડેકોરેશન સ્પર્ધા





જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ તેમજ બી.સી.એ વિન્ટર સેશન, અમરોલી દ્વારા સાંસ્કૃતિક પ્રવૃત્તિના ભાગરૂપે તા. ૨૭–૮–૨૦૨૨ના રોજ કોલેજના ૨૫માં વર્ષમાં મંગળ પ્રવેશ અને ગણેશ ઉત્સવની ઉજવણીના ભાગ રૂપે આરતી–થાળી ડેકોરેશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે 'બુદ્ધિ દાતા' અને 'વિઘ્નહર્તા' ભગવાન શ્રી ગણેશજીના સ્વાગતને અનુરૂપ છે. આ કાર્યક્રમની શરૂઆત B.Com. અને BBA કોલેજની વિદ્યાર્થિનીઓ પ્રિયાંશી ચેતનભાઈ પટેલ અને બીનલ દિનેશભાઈ બાબરિયા દ્વારા સુંદર પ્રાર્થનાથી કરવામાં આવી હતી. શરૂઆતમાં કોલેજના કો–ઓડિનેટર શ્રી ધરિત નાયક અને BBA કોલેજના કો–ઓડિનેટર ડૉ. સ્વાતિ મહેતાએ વકતવ્ય આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ સ્પર્ધામાં ૯૪ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાનું ટેલેન્ટ રજૂ કર્યુ હતું. સ્પર્ધાના નિર્ણાયક તરીકે જીવન જ્યોત શાળાના શિક્ષક શ્રી મિતા રાવલ અને આર્ટિસ્ટ શ્રી શ્રેયા જૈન દ્વારા નિર્ણાયક તરીકે સેવા આપી હતી. નિર્ણાયક દ્વારા ૯ જેટલા વિદ્યાર્થીઓને સ્પર્ધાના વિજેતા તરીકે પસંદગી કરવામાં આવી હતી. જેમાં પ્રથમ ક્રમે માનિયા દર્શન મહેશભાઈ, બીજા ક્રમે કલસરિયા રીકલ રમેશભાઈ, ત્રીજા ક્રમે પાંડવ વિવેક મુકેશભાઈ તેમજ આશ્વાશન ઇનામ તરીકે પટેલ આયુષી અમિતભાઈની પસંદગી થવા પામી હતી. BBA માં પ્રથમ ક્રમે ભારોડિયા તિષા મનોજભાઈ, બીજા ક્રમે સાવજ માનસી મહેશભાઈ, ત્રીજા ક્રમે સવાણી કિનલ મનીષભાઈ તેમજ આશ્વાશન ઇનામ તરીકે વરસાણી ડેનિશા ભાવેશભાઈની પસંદગી થવા પામી હતી. BCA માં પ્રથમ ક્રમે ગોરસીયા હેન્સી અશોકભાઈ અને વઘાસીયા અનીસી કલ્પેશભાઈ, બીજા ક્રમે અનસુરીયા કેયુર ભીખાભાઈ અને પડસાલા સુજલ કલ્પેશભાઈ, ત્રીજા ક્રમે સાકરીયા હેમાંશી દિપકભાઈ તેમજ આશ્વાશન ઇનામ તરીકે ધોરી નેન્સી હરેશભાઈની પસંદગી થવા પામી હતી, અંતે નિર્ણાયક તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરણા અને પ્રોત્સાહન આપવામા આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણીના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક સમિતિના સભ્યો ડૉ. સુધાધારા સામલ, ટવિન્કલ પંચાલ તેમજ ડૉ. છાયા પટેલ અને જાસ્મીની ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું. અને અંતે રાષ્ટ્રગીતથી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી.

## વકૃત્વ સ્પર્ધા







જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ તેમજ બી.સી.એ વિન્ટર સેશન, અમરોલી દ્વારા સાંસ્કૃતિક પ્રવૃત્તિના ભાગરૂપે તા. ૨૪–૮–૨૦૨૨ના રોજ કોલેજના ૨૫માં વર્ષમાં મંગળ પ્રવેશ અને કવિ નર્મદ જન્મ જયંતિના ભાગરૂપે વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત B.Com. અને BBA ની વિદ્યાર્થિનીઓ કાકડિયા માહી સંજયભાઈ તેમજ બીનલ દિનેશભાઈ બાબરિયા દ્વારા સુંદર

પ્રાર્થનાથી કરવામાં આવી હતી. શરૂઆતમાં કોલેજના કો–ઓર્ડિનેટર ડૉ. સ્વાતિ મહેતા અને ધરિત નાયકએ વકતવ્ય આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ સ્પર્ધામાં ૭૩ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાનું ટેલેન્ટ રજૂ કર્યુ હતું. સ્પર્ધાના નિર્ણાયક તરીકે જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત શાળાના ૨૪ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષક શ્રી મનિષા અને સુરતીસ મીડિયામાં સ્ક્રિપ રાયટર તરીકે કાર્ય કરનાર શ્રી કેયુર પરમાર દ્વારા નિર્ણાયક તરીકે સેવા આપી હતી. નિર્ણાયક દ્વારા ૧૧ જેટલા વિદ્યાર્થીઓને સ્પર્ધાના વિજેતા તરીકે પસંદગી કરવામાં આવી હતી. જેમાં B.Com. માં પ્રથમ ક્રમે પરમાર સંજના કાળુભાઈ, બીજા ક્રમે પટેલ સૃષ્ટિ ડેનિસભાઈ, ત્રીજા ક્રમે વઘાસિયા દર્શિત વિનુભાઈ તેમજ BBA માં પ્રથમ ક્રમે ભારોડિયા તિષા મનોજભાઈ, બીજા ક્રમે ગાબાણી કિશન નરેશભાઈ, ત્રીજા ક્રમે ચાવડા મિલન બકુલભાઈ અને BCA માં પ્રથમ ક્રમે લાખાણી હર્ષ, બીજા ક્રમે પરમાર અંકિતા આનંદભાઈ, ત્રીજા ક્રમે ચાવડા અંકિત સુરસિંહભાઈ તેમજ આશ્વાશન ઈનામ તરીકે ઈલસરિયા પ્રિયાંશી રમેશભાઈ, આસોડિયા વૃંદા પ્રકાશભાઈની પસંદગી થવા પામી હતી, અંતે નિર્ણાયક તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા વિદ્યાથીઓને પ્રેરણા અને પ્રોત્સાહન આપવામા આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના આચાર્ય ડૉ. મુકેશ આર ગોયાણીના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક સમિતિના સભ્યો ડૉ. સુધાધારા સામલ, ટવિન્કલ પંચાલ તેમજ ડૉ. છાયા પટેલ અને જાસ્મીની ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે રાષ્ટ્રગીતથી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી.

## એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા.

### હર ઘર તિરંગા

માનનીય ગૃહમંત્રીશ્રીની રાહબરી હેઠળ શરૂ કરાયેલ રાષ્ટ્રવંદના અને રાષ્ટ્રભાવનાની જતનનાં 'હર ઘર તિરંગા' કાર્યક્રમના ભાગીદાર બનવા કોલેજના વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ દ્વારા ભવ્ય આયોજન થયું. સપ્તાહ દરમ્યાન યુનિવર્સિટીના માર્ગદર્શન હેઠળ વિવિધ સ્પર્ધાઓનું સફળ આયોજન કરવામાં આવ્યું, આયોજનમાં એન.એસ.એસ. યુનિટનો પણ મહત્વનો સાથ રહ્યો હતો. જેમાં દરેક સ્પર્ધાઓમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં વિવિધ પ્રવૃતિઓનું સંચાલન પ્રધ્યાપકો દ્વારા કોલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન બી.રાણાના રાહબર હેઠળ કરાયું હતું. વિદ્યાર્થીને તિરંગાની આન–બાન અને શાનને સમજે, રાષ્ટ્ર પ્રત્યેની પોતાની ફરજથી જવાબદાર બને અને રાષ્ટ્રના ઉત્સાહ માટે કાર્યબધ્ધ બને એ આ કાર્યક્રમનો મુખ્ય હેતુ રહયો છે, જે અંતર્ગત નિબંધ સ્પર્ધાનું આયોજન પ્રા.અંજલીબેન પટેલ, તિરંગા ગીત–પ્રા. યોગિનીબેન પ્રજાપતિ, ચિત્ર તથા આર્ટ અને ક્રાફટ દ્વારા તિરંગો બનાવવાની સ્પર્ધા – પ્રા. હરમિતસિંઘ સરદારની આગેવાની હેઠળ પાર પાડવામાં આવી હતી. સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને કોલેજ તથા એન.એસ.એસ.નાં ઉપક્રમે ઇનામો એનાયત કરવામાં આવ્યા હતા, જયારે દેશપ્રેમ દર્શાવનાર સ્પર્ધકોને પણ આશ્વાશન ઇનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.







### ગુજરાતી ફિલ્મ 'રાખ'નું પ્રમોશન

એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં વિદ્યાર્થીઓને પ્રેરણા મળે એ હેતુથી કોલેજમાં સાંસ્કૃતિક સમિતિના ઉપક્રમે નારી શકિત આધારિત ગુજરાતી ફિલ્મ રાખનું પ્રમોશન તા. ૨૩ ઓગષ્ટ, ૨૦૨૨ના રોજ રાખવામાં આવ્યું હતું. ફિલ્મ રાખના ડિરેકટર શ્રી પિયુષભાઈ પંડયા, એકટર વિજય દેસાઈ તેમજ એકટ્રેસ (કોલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થીની) પિંકી જયસ્વાલ ઉપસ્થિત રહી ફિલ્મનું ટ્રેલર બતાવ્યું હતું. કાર્યક્રમમાં બીલીમોરા વિભાગ કેળવણી મંડળના ચેરમેન શ્રી સ્ટેન્ડિંગ કમિટી ભરતભાઈ અમીન તથા મંત્રીશ્રી જસ્મીનભાઈ દેસાઈની વિશેષ ઉપસ્થિત રહી હતી. કાર્યક્રમનું સંચાલન સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષશ્રી પ્રા. પાર્થ ઠક્કરે ઇ.ચા.આચાર્યશ્રી વર્ષાબેન રાણાના માર્ગદર્શન હેઠળ કર્યુ હતું.





## મને ગમતું પુસ્તક વાર્તાલાપ

એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાનાં ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે 'મને મન ગમતું પુસ્તક વાર્તાલાપ' યોજવામાં આવ્યો હતો. નોલેજ સોસાયટીના યુગમાં પુસ્તકો આપણા સાચા રાહબર બની શકે છે તથા માનવીની વિચાર ક્ષિતિજોને વિસ્તારે છે. ભારતીય સંસ્કૃતિ અનુસાર પ્રાર્થનાથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં પાંચ વિદ્યાર્થીઓ અને એક અધ્યાપકે ગુજરાતી સાહિત્યના જુદા જુદા લેખકોના પુસ્તકો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. ઇ.ચા.આચાર્યશ્રી વર્ષાબેન બી. રાણાના માર્ગદર્શન હેઠળ થયેલ આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. અધ્યાપકશ્રીઓએ કાર્યક્રમમાં હાજરી આપી વિદ્યાર્થીઓમાં વાંચનની અભિરૂચી કેળવાય તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. વાર્તાલાપનું સંચાલન અને આભારવિધિ ગ્રંથપાલશ્રી આર.એમ.પટેલે કરી હતી.




## એસ. બી. ગાર્ડા આર્ટ્સ એન્ડ પી. કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી.

### F.Y.B.Com. પ્રવેશોત્સવ – ૨૦૨૨






નવસારી નગરમાં શિક્ષણ અને સંસ્કારના ધામ તરીકે ખ્યાતનામ એસ.બી. ગાર્ડા કોલેજમાં તા. ૨૮/૭/ ૨૦૨૨ના દિને નવસારી જિલ્લા કલેક્ટરશ્રી અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં પ્રથમ વર્ષ કોમર્સના વિદ્યાર્થી ભાઈ– બહેનોને આવકારવા માટે પ્રવેશોત્સવ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની શુભ શરૂઆત પ્રાર્થના અને દિપ પ્રાગટ્યથી કરવામાં આવી. સૌ પ્રથમ સ્વાગત પ્રવચન આપતા ઇ.ચા. આચાર્ય ડૉ. ધર્મવીર ગુર્જરે કલેક્ટરશ્રી, અધિકારીઓ, પ્રાધ્યાપકો તથા વિદ્યાર્થી ભાઈ–બહેનોનું સ્વાગત કર્યુ હતું. એસ.બી.ગાર્ડા કોલેજ વતી આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર તથા ઉપાચાર્યો દ્વારા કલેક્ટરશ્રીનું પુષ્પગુચ્છ, સ્મૃતિભેટ તથા શાલ અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જિલ્લા કલેક્ટરશ્રી અમિત પ્રકાશ યાદવ દ્વારા નવા પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓનું પુષ્પ અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું. કલેક્ટરશ્રીએ પોતાના પ્રવચનમાં સફળતા મેળવવા માટે કેવા પ્રકારનાં સંઘર્ષો સામે લડવું પડે છે તેની સમજૂતી આપી હતી. પરિશ્રમ અને સાદગી જ સફળતાનો રાજમાર્ગ છે. આ પ્રસંગે ઉપાચાર્ય શ્રી મહેશભાઈ નાયકે કોમર્સ વિભાગના વિવિધ વિષયના અધયક્ષો તથા પ્રધ્યાપકોનો સવિસ્તાર પરિચય કરાવ્યો. ઉપાચાર્યો શ્રી ડૉ. હિતેશભાઈ પટેલે સ્ટુડન્ટ કાઉન્સિલની વિવિધ કમિટિઓ, એન.એસ.એસ., એન.સી.સી. વગેરેનો પરિચય કરાવ્યો. શ્રી તેજસ મિસ્ત્રીએ કોલેજની વિવિધ સુવિધાઓની વિશેષ માહિતી આપી હતી. આ

સમગ્ર કાર્યક્રમ માટે ગાર્ડા કોલેજ મેનેજમેન્ટના ચેરમેન શ્રી દારા કે. દેબુએ સમગ્ર ટ્રસ્ટી મંડળ વતી શુભકામનાઓ પાઠવી હતી. પ્રવેશોત્સવ કાર્યક્રમનું સુચારૂ સંચાલન રિધ્ધી કે. લાડે તથા આભારવિધિ નશરીનબેન કુરેશીએ કરી હતી. રાષ્ટ્રગીતના ગાન થકી આ કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમ આઇ.કયુ.એ.સી.ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતો.

## F.Y.B.A. પ્રવેશોત્સવ – ૨૦૨૨



દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લામાં ઉચ્ચ શિક્ષણ અને માનવીય મૂલ્યોના જતન માટે જાણીતી એસ.બી.ગાર્ડા કોલેજમાં તા. ૨૯–૭–૨૦૨૨ના દિને આર્ટસ વિભાગમાં પ્રથમ વર્ષ બી.એ.ના વિદ્યાર્થી ભાઈ બહેનોને આવકારવા માટે પ્રવેશોત્સવ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને દિપ પ્રાગટ્ય ધ્વારા કરવામાં આવી. સૌ પ્રથમ સ્વાગત પ્રવચનમાં ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. ધર્મવીર એમ. ગુર્જરે સર્વ વિદ્યાર્થીઓનું અભિવાદન કરી, શિક્ષણ ધ્વારા જીવનમાં સફળતા મેળવવા માટે આહવાન કર્યું. આ તબક્કે ઉપસ્થિત અધિકારી સર્વશ્રી પ્રાંત અધિકારીશ્રી રાજેષભાઈ બોરડ, નગરપાલિકા ચીફ–ઓફિસર જગદીશ વસાવા તેમજ અન્ય અધિકારીગણને આચાર્યશ્રી તથા ઉપાચાર્યો ધ્વારા પુષ્પગુચ્છ, સ્મૃતિભેટ તથા શાલ અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું. આ પ્રસંગે પ્રાંત અધિકારીશ્રીએ જીવંત ઉદાહરણો આપી, જીવનમાં સફળતા મેળવવાની ચાવીઓ વર્ણવી તેમજ સફળતામાં રૂકાવટ પેદા કરતા પરિબળો સમજાવ્યા હતા. આ સાથે તેઓએ મતદાતા જાગૃતિ અભિયાનનો પ્રારંભ કરાવી, ૧૮ વર્ષ પૂર્ણ કરનારા તમામ વિદ્યાર્થીઓને મતદાતા તરીકે નોંધણી કરાવવાની સમગ્ર પ્રક્રિયાની સમજૂતિ આપી હતી. આ પ્રસંગે વિવિધ વિષયોના અધ્યક્ષો તથા પ્રાધ્યાપકોનો પરિચય ઉપાચાર્યશ્રી મહેશભાઈ નાયકે આપ્યો.

સ્ટુડન્ટ કાઉન્સિલના વિવિધ વિભાગોનો પરિચય ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલે આપ્યો. શ્રી તેજસ મિસ્ત્રીએ કોલેજની વિવિધ સુવિધાઓ અંગે વિદ્યાર્થીઓને જાણકારી આપી હતીફ આ સમગ્ર પ્રવેશોત્સવના કાર્યક્રમ માટે એસ.બી.ગાર્ડા કોલેજ મેનેજમેન્ટના ચેરમેનશ્રી દારા કે. દેબુ તથા સમગ્ર ટ્રસ્ટી મંડળે શુભકામનાઓ પાઠવી હતી. કાર્યક્રમનું સંચાલન એશાબેન રાઠોડે તેમજ આભારવિધિ વિધિબેન બલસારાએ કરી હતી. રાષ્ટ્રગીતના ગાન થકી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું. કાર્યક્રમ IQACના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો.

## વર્કશોપ





એસ.બી.ગાર્ડા કોલેજ, નવસારીમાં ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરની અધ્યક્ષતામાં અંગ્રેજી વિભાગ અને IQAC ના સંયુકત ઉપક્રમે New Syllabus of BA Core - Course વિષય ઉપર એક ઓરિએન્ટેશન વર્કશોપનું આયોજન કરવામાં આવેલું હતું. આ વર્કશોપમાં મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યૂનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા તથા અતિથિ વિશેષ તરીક યુજિવર્સિટીના અંગ્રેજી વિભાગના હેડ ડૉ. રાકેશ દેસાઈ પર્ધાયા હતા. વકતવ્યમાં કુલપતિશ્રીએ મલ્ટીડિસીપ્લીનરી શિક્ષણ ઉપર ભાર આપ્યો હતો. એમણે શિક્ષણમાં ભારતીયતા અને આત્મનિરભૅરતાનો સમાવેશ ખૂબજ જરૂરી છે એમ જણાવ્યું હતું. ડૉ. રાકેશ દેસાઈ સાહેબે શિક્ષણમાં બહુ ભાષાકીય એપ્રોચ હોવો જોઈએ અને શિક્ષણનો મુખ્ય ભાર Sustainable Development હોવો જોઈએ એમ જણાવ્યું હતું. રિસોર્સ પર્સન તરીકેવીર નર્મદ દક્ષિણ ગુજરાત યૂનિવર્સિટી, સુરતના અભ્યાસ સમિતિના અધ્યક્ષ ડૉ. જી.કે.નંદા, ઉપાધ્યક્ષ પ્રા. ભૈરવી દેસાઈ અને ડૉ. અર્પિત દવે તથા મેમ્બર ડૉ. ફાલ્ગુની દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. ફેકલ્ટી મેમ્બર્સ અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રોગ્રામના કો–ઓર્ડિનેટર અંગ્રેજી વિભાગના ડૉ. રાધા એસ. ગૌતમ અને ઓર્ગેનાઇઝિંગ સેક્રેટરી ડૉ. નેહા એ. હરિયાણી હતા. IQAC ના કો–ઓર્ડિનેટર ડૉ. હિતેષભાઈએ આભારવિધિ કરી હતી.

## વકતૃત્વ–સ્પર્ધા





પુણ્યભૂમિ ભારત દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થતા સમગ્ર દેશ અને ગુજરાત રાજ્ય તેની વિવિધ રીતે ઉજવણી કરી રહ્યા છે. તેના જ ભાગ રૂપે તેમજ ગાર્ડા કોલેજ પણ સ્થાપનાના ૭૭ વર્ષ પૂર્ણ કરી રહી છે તે અવસરે ગાર્ડા કોલેજના ઈતિહાસમાં પ્રથમવાર નવસારી શહેરની શાળાઓના ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ માટે એક વકતૃત્વ સ્પર્ધા રાખવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઉદ્દઘાટન અને આવકાર પ્રવચન આપતા ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે તમામ સ્પર્ધાકોને વકતૃત્વકળા અંગે ઉપયોગી ટીપ્સ આપી હતી. તેમણે તમામ સ્પર્ધાકો અને તેમની સાથે પધારેલ શિક્ષકો તથા જે–તે શાળાના આચાર્યશ્રીઓનો હૃદયપૂર્વક આવકારા આપી, આભારની લાગણી પ્રગટ કરી હતી. આ તકે આચાર્યશ્રી તથા નેક કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. હિતેશભાઈ પટેલે IQACના નેજા હેઠળ યોજાયેલ આ વકતૃત્વ સ્પર્ધાના નિયમો અંગે માહિતી આપી હતી. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. મહાવીરસિંહ ગોહિલ તથા ડૉ. રાધાબેન ગૌતમે સેવા આપી હતી. જેમાં પ્રથમ ક્રમે ટાટા ગર્લ્સ હાઈસ્કુલના વિદ્યાર્થીની ટંડેલ માધવી, દ્વિતિય ક્રમે એમ.એ.કે.ગર્લ્સ હાઇસ્કુલ વેસ્માના પટેલ સુમૈયા તેમજ તૃતીય ક્રમે નવસારી હાઈસ્કુલના લાડ હરનિશા વિજેતા થયા હતા. તમામ સ્પર્ધાકોને પ્રમાણપત્ર એનાયુકત કરવામાં આવ્યા હતા. ટંડેલ માધવીએ આ કાર્યક્રમ અંગે સ્પર્ધકોને વતી પ્રતિભાવ આપ્યો હતો. આ પ્રસંગે સ્વામીનારાયણ હાઈસ્કુલના શિક્ષકશ્રી વિજયભાઈ શિમ્પીએ પ્રતિભાવ વ્યકત કર્યો હતો.

સમગ્ર વકતૃત્વ સ્પર્ધા કાર્યક્રમનું સફળ સંચાલન તેજસભાઈ મિસ્ત્રીએ કર્યું હતું. કાર્યક્રમની પૂર્ણાહુતી રાષ્ટ્રગાન સાથે કરી, રાષ્ટ્ર પરત્વે આદરભાવ વ્યકત કરવામાં આવ્યો હતો. સમગ્ર સ્પર્ધા દરમ્યાન ઉપાચાર્યો શ્રી મહેશભાઈ નાયક, શ્રી ડૉ. હિતેશભાઈ પટેલ તથા સમગ્ર શૈક્ષણિક કર્મચારીગણે ઉપસ્થિત રહી, સ્પર્ધાકોને પ્રોત્સાહન પુરુ પાડયું હતું. સમગ્ર કાર્યક્રમ IQACના નેજા હેઠળ કરવામાં આવ્યો હતો.

## ગુરૂવંદના કાર્યક્રમ

નવસારીની એસ.બી.ગાર્ડા કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના (NSS) દ્વારા ગુરૂવંદના કાર્યક્રમ આચાર્યશ્રી ધર્મવીર ગુર્જર સાહેબના અધ્યક્ષતામાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં શ્રી રવીન્દ્રજી પાગેદારે ગુરૂ પરંપરા અને ગુરૂના મહત્ત્વ વિશેની સમજ આપી હતી. સાથે જીવનની વિવિધ અવસ્થાઓમાં મળતા ગુરૂઓના માર્ગદર્શન અને વિવિધ પ્રકારના ગુરૂજનો આપણા જીવનને કેવી રીતે કેળવે છે અને જીવન ઘડતર કરે છે. તેવી વિસ્તૃત સમજ આપી હતી. આ કાર્યક્રમમાં ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશ પટેલ તથા આમંત્રિત મહેમાનશ્રી ડૉ. વિપુલભાઈ, શ્રી હરનિશભાઈ તથા કોલેજના અધ્યાપકો વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મહેમાનશ્રીનો પરિચય ડૉ. સ્વાતિ દેસાઈએ આપ્યો હતો. ગુરૂવંદના કાર્યક્રમ રાષ્ટ્રીય સેવા યોજના યુનિર્સિટીની માર્ગદર્શિકા અનુસાર યોજાયો હતો. કાર્યક્રમનું આયોજન અને સંચાલન NSSના પ્રોગ્રામ ઓફિસર ડૉ. અશ્વીન શર્મા, શ્રીમતી હેતલબેન નાયક અને શ્રી કે.સી. પટેલના નેજા હેઠળ થયું હતું. અંતમાં રાષ્ટ્રગીતનું ગાન કરી કાર્યક્રમ સંપન્ન થયો હતો.





## મહેંદી સ્પર્ધા



નવસારીની સુપ્રસિધ્ધ એસ.બી.ગાર્ડા કોલેજમાં સાંસ્કૃતિક સમિતિ અને IQACના સંયુકત ઉપક્રમે કોલેજના ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરની અધ્યક્ષતામાં 'મહેંદી સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે ઉપાચાર્યશ્રી મહેશ નાયક, ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશ પટેલ સહિત અધ્યાપકો વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે પિનલ ડી. પટેલ (બી.કોમ.સેમ.૩), દ્વિતિય ક્રમે નિધિ કે. પટેલ (બી.કોમ.સેમ.૩) અને શ્રુતિ એ. વર્મા (બી.કોમ.સેમ.૫) તેમજ તૃતીય ક્રમે સ્નેહા કે. પટેલ (બી.કોમ.સેમ.૩) અને ભૂમિ જે મિસ્ત્રી (બી.કોમ.સેમ.૫) તેમજ હિરલ પી. પટેલ (બી.કોમ.સેમ.૩) ને પ્રોત્સાહન ઇનામ પ્રાપ્ત કરેલ છે. ફોરમ પટેલ, લીના ટેલર અને કેયુરી રાઠોડે નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર દ્વારા મહેંદી સ્પર્ધાનો આર્થિક ઉપાર્જનના સાધન તરીકે અપનાવવા શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષશ્રી એ.બી.પટેલ, ઉપાધ્યક્ષશ્રી ડૉ.પુનિતા પટેલ અને શ્રી કે.સી.પટેલ ધ્વારા કરવામાં આવ્યું હતું.

## ટ્રેનિંગ પ્રોગ્રામ




એસ.બી.ગાર્ડા કોલેજ (આર્ટ્સ) એન્ડ પી. કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારીમાં વર્ષ: ૨૦૨૦-૨૧ થી ઇનોવેશન કલબની સ્થાપના કરવામાં આવી છે અને ૨૬૦ જેટલા વિદ્યાર્થીઓ ઇનોવેશન કલબ સાથે જોડાયા છે. ઇનોવેશન કલબ દ્વારા ૪ દિવસનો તાલિમ કેમ્પ તજજ્ઞ વિશાલભાઈ વઢીયારના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. તાલિમના પ્રથમ દિવસે શ્રી વિશાલભાઈનું સ્વાગત ઇ.ચા. આચાર્ય ડૉ. ધર્મવીર ગુર્જર દ્વારા કરવામાં આવ્યું હતું.

ચાર દિવસ દરમ્યાન ટ્રેનર વિશાલભાઈએ એડવાન્સ ઇલેકટ્રોનિકસ કીટ, એગ્રીટેક કીટ, બેઝિક ઇલેકટ્રોનિકસ કીટ, એનર્જી કન્વર્ઝન કીટ, મિકેનિકલ કીટ, VR ગ્લોબલ કીટ, Mechatronich કીટ, ટેલીસ્કોપ કીટ, ડ્રોન કીટ, એડવાન્સ સાયન્સ કીટ તથા Banner With SR-Glue વગેરે કીટની તાલિમ ઇનોવેશન કલબના ૧૦૯ જેટલા સભ્યોને આપવામાં આવી હતી. તેમાં ડ્રોન વિમાન ઉડાવવાની તાલિમ આ પૈકી મુખ્ય હતી. ડ્રોન વિમાનના વિવિધ ઉપયોગો, તેને ઉડાવવાની તાલિમ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. આ ટ્રેનિંગનો સમાપન સમારોહ તા. ૧૮-૮-૨૦૨૨ના દિને ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરની અધ્યક્ષતામાં અને ઉપાચાર્યો શ્રી મહેશભાઈ નાયક તથા ડૉ. હિતેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો.

સમાપન સમારોહમાં આવકાર પ્રવચન રજૂ કરતા ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓમાં કશુંક નવું કરવાની સર્જનાત્મક શકિત પડેલી છે, તેને ઉજાગર કરી રાષ્ટ્રને આત્મનિર્ભર બનાવવા અથાગ પુરુષર્થ કરવાનું તેમણે કહ્યું હતું. વૈજ્ઞાનિક કીટની ચાર દિવસ વિદ્યાર્થીઓને ટ્રેનિંગ આપનાર ટ્રેનરશ્રી વિશાલભાઈ વઢીયારે ખૂબ જ પાયાની વૈજ્ઞાનિક સમજ વિદ્યાર્થીઓને આપી હતી અને તેમણે વિદ્યાર્થીઓને સરકારશ્રી તરફથી વિના વ્યાજની સબસીડીની માહિતી આપી હતી અને સંશોધનમાં આ વૈજ્ઞાનિક કીટોનું કેવું અને કેટલું મહત્ત્વ છે તે તેમણે જણાવ્યું હતું.

આ ચાર દિવસ દરમ્યાન મેળવેલી ટ્રેનિંગ વિશેના અનુભવો ચાર વિદ્યાર્થીઓએ જણાવેલ, ટ્રેનીંગ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓને ઇન્ચાર્જ આચાર્ય, ઉપાચાર્ય તથા ટ્રેનર વિશાલભાઈના હસ્તે સર્ટીફિકેટનું પ્રતીકાત્મક રીતે વિતરણ કરવામાં આવ્યું હતું. ઇનોવેશન કલબના અધ્યક્ષશ્રી ડૉ. નેહાબેન હરિયાણીએ ઇનોવેશન કલબની સ્થાપના, તેનું મહત્ત્વ, સરકાર દ્વારા મળતી સહાય વગેરે વિશે વિગતવાર માહિતી આપી હતી. કાર્યક્રમનું સમાપન રાષ્ટ્રગીતથી કરવામાં આવ્યું હતું.

## મતદાર જાગૃતિ અભિયાન કાર્યક્રમ



નવસારીની એસ.બી. ગાર્ડા કોલેજ ખાતે N.S.S., I.Q.A.C. અને નવસારી પ્રાંત અધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે મતદાન જાગૃતિ અભિયાન કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં કોલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પ્રાસંગિક ઉદ્‌બોધન સાથે પધારેલ મહેમાનોનું સ્વાગત કર્યુ હતું. આ કાર્યક્રમમાં નવસારીના પ્રાંત અધિકારીશ્રી રાજેષભાઈ બોરડ, મામલતદારશ્રી એચ.ડી. ગાંધી તથા પ્રાંત કચેરીના અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા. પ્રાંત અધિકારીશ્રી રાજેષભાઈ બોરડે 'મતદાર જાગૃતિ અભિયાન' અંતર્ગત વિદ્યાર્થીઓને વોટીંગ કાર્ડનું મહત્વ તથા તેના ઉપયોગ વિશેની વિસ્તૃત જાણકારી આપી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે કોલેજના ઉપાચાર્યશ્રી મહેશભાઈ નાયક અને ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. તમામ અધિકારીશ્રીઓનું ગાર્ડા કોલેજ દ્વારા પુષ્પગુચ્છ અને શાલ અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગ્રે શ્રી મનિષભાઈ એ 'મતદાર જાગૃતિ અભિયાન' કાર્યક્રમ અંતર્ગત પ્રેઝન્ટેશન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દિવ્યાબેન લહામાગેએ કર્યુ હતું. આભારવિધિ તૃષાબેન વશીએ કરી હતી. આ કાર્યક્રમની સમાપ્તિમાં રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યું હતું.

## શ્રી સુરત જીલ્લા સહકારી બેંક કોમર્સ કોલેજ એન્ડ શ્રી સાયણ સહકારી ખાંડ ઉદ્યોગ આર્ટ્સ કોલેજ, ઓલપાડ.


### તજજ્ઞ વ્યાખ્યાન



વિશ્વ આદિવાસી દિન નિમિત્તે ઓલપાડ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે તજજ્ઞ વ્યાખ્યાન યોજાયું હતું. વાડિયા વિમેન્સ કોલેજના ઇતિહાસના પ્રો. ડૉ. સી.સી. ચૌધરીએ તેમના આદિવાસી આંદોલનોના અભ્યાસના આધારે મનની વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં આદિવાસી સમાજની વિશેષતાઓ તેનું મહત્ત્વ તેમજ આઝાદીના ચળવળમાં તેના આંદોલનના મહત્વ વિશે ઉદાહરણ સહિત સમજાવ્યું હતું. આ પ્રસંગે પી.કે.દેસાઈ કેળવણી મંડળના પ્રમુખશ્રી બળવંતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કોલેજના આચાર્યશ્રી ડૉ. ઈશ્વરભાઈ એમ. પટેલે પ્રવચન આપ્યું હતું. મોટી સંખ્યામાં કોલેજના વિદ્યાર્થી ભાઈ બહેનો ઉપસ્થિત રહી કાર્યક્રમને માણ્યો હતો. ઓલપાડ કોલેજના ઈતિહાસ વિભાગના અધ્યક્ષ નરેન્દ્ર રાઠોડએ આદિવાસી સંસ્કૃતિ વિશે ઉદાહરણ સહિત સમજાવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડોકટર પ્રવીણ ચૌધરીએ કર્યુ હતું અને આભાર વિધિ ડૉ. ગીતાબેન ગરાસીયાએ કરી હતી.

## શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ.કોલેજ, સુરત.

### Online Workshop



શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ. કોલેજ, પાંડેસરા, સુરત ખાતે તા. ૬–૮–૨૦૨૨ના રોજ Online Workshop on ASP.NET (Series-1)નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતાશ્રી શ્યામ ચાવડા ઉપસ્થિત રહ્યાં હતા. આ વર્કશોપ TYBCAના વિદ્યાર્થીઓ માટે આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં TYBCA ના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. વકતાએ વિદ્યાર્થીઓને સરળ રીતે જ્ઞાન આપ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન BCA કોલેજના અધ્યાપક ડૉ. પ્રશાંત ઘંટીવાળા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને અંતે રાષ્ટ્રગાન બાદ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

### What After B.Com? Career Opportunities For Accountants



શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિમલ ટોરમલ પોદ્દાર કોમર્સ કોલેજ, પાંડેસરા ખાતે તા. ૧૬/૭/૨૦૨૨ના રોજ What After B.Com? Career Opportunities For Accountantsનું આયોજન


કરવામાં આવ્યું હતું. જેમાં વકતાશ્રી તરીકે CA Bipi Hirpara ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશોપ T.Y.B.Com.ના વિદ્યાર્થીઓ માટે આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં T.Y.B.Com.ના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. વકતાએ વિદ્યાર્થીઓને સરળ રીતે જ્ઞાન આપ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન B.Com. કોલેજના અધ્યાપક વૈશાલી સોઈન દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને અંતે રાષ્ટ્રગાન રાષ્ટ્રગાન બાદ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## વોકેશનલ કોર્સિસ સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમ



શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ. કોલેજ અને કોમર્સ કોલેજ, પાંડેસરા ખાતે વોકેશનલ કોર્સિસના સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટના સેક્રેટરીશ્રી નિરજભાઈ પટેલ, ટ્રસ્ટીશ્રી જીતેન્દ્રભાઈ દેસાઈ, વ્યવસ્થાપકશ્રી ચંદ્રકાંતભાઈ શાહ તથા બી.એડ્., બી.સી.એ. અને બી.કોમ.ના પ્રધાનાચાર્યો અને અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વોકેશનલ કોર્સ કરનાર કુલ ૧૭૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓનું ઉદ્‌બોદ્ધન ટ્રસ્ટીશ્રી જીતેન્દ્રભાઈ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ વોકેશનલ કોર્સની રચના કરનાર ડૉ. રિદ્ધિબેન દેસાઈ, ડૉ. કવિતાબેન આહુજા, ડૉ. ઈશાન તમ્હાનકર, પ્રો. હેતલ મહુવાગરીયા, પ્રો. અંકિત જાદવને સર્ટિફિકેટ અને સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટમાં કુલ ૭ વોકેશનલ કોર્સ શરૂ કરવામાં આવ્યા હતા. આ ૭ કોર્સને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ NEP-2020 અંતર્ગત માન્યતા આપી છે. કો–ઓર્ડિનેટર તરીકે શ્રી ચંદ્રકાંતભાઈ શાહ અને ઇ. પ્રધાનાચાર્ય હેમાંગ દેસાઈના માર્ગદર્શન હેઠળ સમગ્ર કોર્સિસનું સંચાલન થયું હતું. અંતે રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

## વર્કશોપ






શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ. કોલેજ, પાંડેસરા, સુરત ખાતે તા. ૩૦–૭/૨૦૨૨ના રોજ Workshop om Basic of HTMl/CSS (Series-2) અને Workshop on AWS (Amazon Web Services) & Github (Series-4)નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વક્તાશ્રી તરીકે અનુક્રમે આત્મીય કોલસાવાળા અને જગન્નાથ મહારાણા ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશોપ TYBCAના વિદ્યાર્થીઓ માટે આોયજિત કરવામાં આવ્યો હતો. જેમાં TYBCAના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. બંને વક્તાઓએ વિદ્યાર્થીઓને સરળ રીતે જ્ઞાન આપ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન BCA કોલેજના પ્રધાનાચાર્ય હેમાંગ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

## સેમિનાર



શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિમલ ટોરમલ પોદ્દાર કોમર્સ કોલેજ, પાંડેસરા ખાતે તા. ૦૬/૦૮/૨૦૨૨ના રોજ Career Guidance Seminar on Government Jobsનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વક્તાશ્રી તરીકે હરેન્દ્રસિંઘ તોમર ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશોપ F.Y.B.Com.ના વિદ્યાર્થીઓ માટે આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં F.Y.B.Com.ના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. વક્તાએ વિદ્યાર્થીઓને સરળ રીતે જ્ઞાન આપ્યું હતું. કાર્યક્રમનું આયોજન B.Com. કોલેજના અધ્યાપક વૈશાલી સોઈન દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને અંતે રાષ્ટ્રગાન બાદ છૂટા પડયા હતા.

## પોસ્ટર મેકિંગ સ્પર્ધા

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ. કોલેજ, પાંડેસરા ખાતે, તા. ૧૩/૮/૨૦૨૨ના રોજ પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટ્રેડિશનલ પોસ્ટર મેકિંગ અને ડિજિટલ પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિર્ણાયક તરીકે અનુક્રમે પ્રો. સાગર ગાંધી અને ડૉ. બિન્ની મહેતા ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધાનું આયોજન FY, SY અને T.Y.B.C.A.ના વિદ્યાર્થીઓ માટે કરવામાં આવ્યું હતું. જેમાં વિજેતા તરીકે ટ્રેડિશનલ પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં પ્રથમ ક્રમે કીકાની મૈત્રી, દ્વિતિય ક્રમે ભમરડીવાળા ઉત્સવી જ્યારે ડિજિટલ પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં પ્રથમ ક્રમે વાળા મહેશ, દ્વિતિય ક્રમે રાય ગૌરવ વિજેતા થયા હતા. આ સ્પર્ધાનું આયોજન અધ્યાપક ડૉ. કવિતા અહુજા અને પ્રો. પીનલ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સંસ્થાના પરિવાર દરેક વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવે છે.





## શ્રી જે. બી. ધારૂકાવાળા મહિલા આર્ટ્સ કોલેજ, સુરત.

### બુસ્ટર ડોઝ વેકશીનેશન કેમ્પ




શ્રી તાપી બ્રહ્મચર્યાશ્રમ સભા સંચાલિત શ્રી જે.બી. ધારૂકાવાળા મહિલા આર્ટ્સ બી.કોમ. (ઈ.એમ.) એડીશનલ ડિવિઝન સેલ્ફ ફાઈનાન્સ ફોર વિમેન્સમાં NSS વિભાગ અને ફૂલપાડા હેલ્થ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે કોલેજની વિદ્યાર્થીનીઓ માટે બુસ્ટર ડોઝ (પ્રિકોશન) વેકશીનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજની ૩૭૮ જેટલી વિદ્યાર્થીનીઓ અને સ્ટાફને બુસ્ટર ડોઝ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન આચાર્યશ્રીનાં માર્ગદર્શન હેઠળ NSS વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.

### કાવ્યપઠન સ્પર્ધા



શ્રી જે.બી.ધારૂકાવાળા મહિલા આર્ટ્સ એન્ડ બી.કોમ (ઇ.એમ.) એડિશનલ ડીવિઝન (એસ.એફ.) ફોર વિમેન કોલેજમાં સર્જનાત્મક ધારા અંતર્ગત તા. ૫/૮/૨૦૨૨ શુક્રવારના રોજ શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતી આંતર–કોલેજ કાવ્યપઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોના કુલ ૪૧ સ્પર્ધાકોએ ઉત્સાહભેર ભાગ લઈ વિભિન્ન કવિઓની નવતર રચનાઓ રજુ કરી હતી. સ્પર્ધાના અધ્યક્ષ તરીકે આચાર્ય ડૉ. દિલીપ વરસાણી તથા નિર્ણાયક તરીકે કવિ, વૈજ્ઞાનિક અને નિવૃત આચાર્યશ્રી મનસુખ નારીયા તેમજ પ્રા. ડૉ. ચંન્દ્રાવલી તળાવિયાએ ફરજ બજાવી હતી. સમગ્ર કાર્યક્રમ સર્જનાત્મક અભિવ્યકિત ધારાના અધ્યક્ષ પ્રા. હસમુખ કાછડિયાના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. સ્પર્ધામાં ૧. મહારઉલ ધરતીબા (સર્વોદય બી.એડ. કોલેજ), ૨. દરેકાર કુશાંગી (ઝેડ.એફ.વાડીયા વિમેન્સ કોલેજ). ૩. પટેલ કિશન (એમ.ટી.બી.આર્ટ્સ કોલેજ), અનુક્રમે પ્રથમ, દ્વિતિય અને તૃતિય સ્થાન ઉપર વિજેતા થયા હતા. તેમજ ગાડરિયા જયસિંહ (શેઠ સી.ડી. બરફીવાલા કોલેજ) અને મંગુકિયા જાનવી (શ્રી જે.બી. ધારૂકાવાળા મહિલા આર્ટ્સ અને કોમર્સ કોલેજ) આશ્વાસન ઈનામના હકદાર બન્યા હતા.

### તિરંગા યાત્રા

શ્રી તાપી બ્રહ્મચર્યાશ્રમ સભા, સુરત સંચાલિત શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતી વિદ્યાસંકુલ કેમ્પસની શ્રી જે.બી.ધારૂકાવાળા મહિલા આર્ટ્સ બી.કોમ. ઈગ્લિશ મિડિયમ એડિશ્નલ ડિવિઝન સેલ્ફ ફાયનાન્સ ફોર વિમેન્સ તેમજ શ્રી જે.ડી.ગાબાણી કોમર્સ કોલેજ એન્ડ શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતી કોલેજ ઓફ મેનેજમેન્ટના સંયુકત ઉપક્રમે તા. ૧૨/૮/૨૦૨૨ના રોજ આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત તિરંગા યાત્રા યોજાઈ હતી. આ યાત્રામાં કામરેજના ધારાસભ્યશ્રી વી.ડી.ઝાલાવાડિયા, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રિ.ડૉ.કે.એન.ચાવડા, ટ્રસ્ટીશ્રી ડૉ. કનુભાઈ માવાણી, ખજાનચી શ્રી ડૉ.કે.ડી.વાઘાણી, માનદમંત્રીશ્રી હેમંતભાઈ ટોપીવાળા, આચાર્યશ્રી ડૉ. દિલીપ એલ. વરસાણી, ઇ.ચા.પ્રિ. પર્વતભાઈ પટેલ, NSS કો–ઓડિનેટરશ્રી પ્રકાશચંદ્ર, કોલેજનો સ્ટાફગણ અને વિદ્યાર્થીઓ જોડાયા હતા. જેમાં NCC કેડેડસ, NSS સ્વયંસેવિકાઓ વ્યવસ્થામાં હતા. આ યાત્રા કોલેજ કેમ્પસથી મહારાણા પ્રતાપ ઉદ્યાન સુધી યોજવામાં આવી હતી.





## શ્લોકગાન સ્પર્ધા



અમરોલીની જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા પ્રતિ વર્ષ આયોજિત સ્વ. ડૉ. રમાબેન પટેલ પુરસ્કૃત સંસ્કૃત શલોકગાન આંતરકોલેજ સ્પર્ધામાં વરાછાની જે.બી. ધારૂકાવાળા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજની વિદ્યાર્થિની કુ. તન્વી બડમલિયાએ દ્રિતિય વિજેતા ક્રમ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યુ છે. તે સાથે જ સદર કોલેજની બે સ્પધકોના ઉચ્ચ ગુણાંકને લીધે કોલેજને શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩નું રનિંગ શિલ્ડ પ્રાપ્ત થયું છે. સ્પર્ધક વિર્ધાથીની કુ. તન્વી અને કુ. ધૃતિને કોલેજના આચાર્યશ્રી ડૉ. દિલીપ એલ. વરસાણી અને સંસ્કૃતના અધ્યક્ષ ડૉ. મહેન્દ્રભાઈ ત્રિવેદીએ તેઓની આ સિધ્ધિને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્, સુરત.

### વૃક્ષારોપણ અને સ્પર્ધા

અભિનવ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્માં આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે વૃક્ષારોપણ કાર્યક્રમ અને પાણી બચાવો તેમજ વીજળી બચાવો વિષય પર આધારિત નિબંધ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના દ્વારા તાલિમાર્થીઓમાં છુપાયેલી સુષુપ્ત શકિતઓને જગાડવાનો પ્રયત્ન કરાયો હતો. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી વિપુલભાઈ જોષી, ટ્રસ્ટીશ્રી મતી નીમાબેન જોષી, આચાર્ય શ્રીમતી ડૉ. પત્રલેખાબેન બારડ તેમજ અધ્યાપક મિત્રોએ તેમને અભિનંદન પાઠવ્યા હતા.



## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara.

### 76th Independence Day

C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara attached Kalidas Hospital Vyara with Trustee Members, Teaching Staff, Non Teaching Staff, Hospital staff & Students celebrated 75 Years of Independence of India. As a part of the campaign all students and staff were encouraged to hoist the tricolour at their home during 13th to 15th August, 2022. Flags were distributed by institute to all the Departments associated with institute i.e. Hospital, Naturopathy, Physiotherapy, Girl's Hostel, Mess and Ambulance of Hospital. On the day of Independence the flag was hoisted by the holy hands of the Dr. Lalit P. Mavani, Associate Professor & HOD, Forensic Medicine Department. After that speech was delivered by Chief Guest Dr. Lalit P. Mavani, Principal Dr. Jyoti Rao & Secretary Mr. Nikhilbhai Shah on this occasion. College student Miss. Nidhi Prajapati of 4th year enchored the event. Miss. Bansari Sanghani of 4th year ascorted the chief guest to hoist the flag. The Programme was successfully completed by the joint efforts of Dr. Dhruni Gavli and her team under the guidance of Principal Dr. Jyoti Rao Mam.





## Janmashtami Celebration

On date 18/08/2022, C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara celebrated Janmashtami Utsav. Celebration was begun with Krishna Pooja followed by Garba and then a group of Girls & Boys Participated in "Matkifod". They were heading towards matki with 'Jaygosh' with full excitement & enthusiasm. The atmosphere was filled with spiritual feeling 'Matkifod' was followed by Prasad distribution.

Event was successfully handled by activity committee & team under the guidance of Principal Dr. Jyoti Rao.



## Nuclear Energy Power Plant Operation and Social Benefits of Radiatione

A Seminar was Organized by C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara in Association with HMAI, Vyara Unit on 24/08/2022. The seminar was based on Nuclear Power on the topic of "Nuclear Energy Power Plant Operation and Social Benefit of Radiation ." The Speakers was from NPCIL, Kakrapar Unit, Vyara Gujarat. One of the Speaker Mr. Anwar H. Solanki, Spoke on the Nuclear Power & Energy and its Operation & Another Speaker Mr. S. S. Wagh spoke on Rediation's social Benefits. Overall the seminar was Information VE to students of 1st year BHMS, 3rd year BHMS and staff. It was organized by seminar committee headed by Dr. J. J. Jain under the guidance of principal Dr. (Mrs) Jyoti R. Rao.








## Udhna Citizen Commerce College & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Udhan, Surat.

### વકતૃત્વ સ્પર્ધા

ઉધના કોલેજ દ્વારા તા. ૩/૮/૨૦૨૨ના રોજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાનાં વિષયો 'Turning Point of my life, અને The Coolest Invention I know' પર વિદ્યાર્થીઓએ અસરકારક રીતે વકતવ્ય રજૂ કર્યું હતું. આ સ્પર્ધામાં દેરીયા કાજોલ (T.Y.B.COM), રાજપૂત કાજલ (T.Y.B.COM) અને ક્રિતેશ દિક્ષિત (T.Y.B.COM)એ અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધાનું સફળ આયોજન કોલેજની સર્જનાત્મક અભિવ્યકિત ધારાના સભ્યોએ કોલેજના આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈના માર્ગદર્શન હેઠળ કર્યું હતું. ધારાના સભ્યોએ ઉપાચાર્ય ડૉ. ડેઝી તેક્કનાલ, ઉપાચાર્ય ડૉ. મનીષ કાયસ્થ અને કો–ઓડિનેટર ડૉ. તેજસ

ઘડિયાળીનો તેમણે આપેલ સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો હતો. કોલેજના પ્રાધ્યાપકો પ્રા. જીનલ પુરોહિત, પ્રા. ખ્યાતી સોલંકી અને પ્રા. કલ્યાણી પાટીલ સ્પર્ધાના નિર્ણાયક તરીકે સેવા આપી હતી.






## Fresher's Fest સ્વાગત – ૨૦૨૨



ઉધના કોલેજમાં તા. ૪–૮–૨૦૨૨નાં રોજ પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓના સ્વાગત માટે 'Fresher's Fest સ્વાગત – ૨૦૨૨'નું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ હાજર રહી સંગીત અને નૃત્યની મજા માણી હતી. સંગીત અને નૃત્ય ઉપરાંત પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓ માટે વિવિધ રમતોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. Mr. Fresher – ધનંજય પાટીલ અને Miss. Fresher – રૂચી ત્યાગીને જાહેર કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમનું આયોજન કોલેજનાં પ્રાધ્યાપકો ડૉ. ત્વિષા પરમાર, પ્રા. મહેશ પટેલ, પ્રા. ફૈસલ પટેલ અને પ્રા. પ્રીતિ પટેલ દ્વારા આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઝી તેક્કનાલ, ઉપાચાર્ય ડૉ. મનીષ કાયસ્થ અને કો–ઓડિનેટર ડૉ. તેજસ ઘડિયાળીનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## I Love Udhana Collegeનું આનવરણ



ઉધના કોલેજમાં તા. ૬–૮–૨૦૨૨નાં રોજ કોલેજ કેમ્પસનું આકર્ષણ વધારવા 'I Love Udhana College' સંદેશ દર્શાવતા બોર્ડનું અનાવરણ ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખશ્રી ભાણજીભાઈ પટેલનાં હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટનાં ઉપપ્રમુખ શ્રી નિરંજનભાઈ પટેલ, મંત્રીશ્રી કાંતિલાલ પટેલ, ખજાનચી શ્રી અમૃતભાઈ પટેલ, સંયુક્ત મંત્રીશ્રી કેતનભાઈ શાહ અને સલાહકાર ડૉ. એ.જી.મહેતા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઝી તેક્કનાલ, ડૉ. મનીષ કાયસ્થ અને કો–ઓડિનેટર ડૉ. તેજસ ઘડિયાળી પણ ઉપસ્થિત રહ્યા હતાં.

## સ્વાતંત્ર્ય દિનની ઉજવણી





ઉધના કોલેજ કેમ્પસમાં તા. ૧૫/૦૮/૨૦૨૨ના રોજ ટ્રસ્ટનાં સભ્યો, શાળા અને કોલેજનાં કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓની હાજરીમાં ૭૬માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી હતી. આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈએ

મુખ્યય મહેમાન અને ધ્વજારોહક શ્રી જીગ્નેશભાઈ દેસાઈ (કો–ફાઉન્ડર અને સંયુકત મેનેજીગ ડિરેકટર, NJ ગ્રુપ, સુરત)નો પરિચય આપ્યો હતો. આ પ્રસંગે ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટનાં ઉપપ્રમુખશ્રી નિરંજનભાઈ પટેલ, ખજાનચીશ્રી અમૃતલાલ પટેલ અને સંયુકત મંત્રીશ્રી કેતનભાઈ શાહ પણ હાજર રહ્યા હતા. તમામ ઉપસ્થિતોએ રાષ્ટ્રધ્વજને સલામી આપી રાષ્ટ્રગીત ગાયુ હતું. મુખ્ય મહેમાન શ્રી જીગ્નેશભાઈ દેસાઈએ ધ્વજારોહણ કરી શાળા–કોલેજનાં કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને સંબોધ્યા હતાં. તેમણે શિક્ષકો સમક્ષ શિક્ષણ, સમાજ સેવા અને રાષ્ટ્રનિર્માણ વિશે તેમનો અનુભવ, ચિંતા અને દ્રષ્ટીકોણ રજૂ કર્યો હતો. સમગ્ર કેમ્પસમાં ત્રિરંગી ઝંડા લહેરી રહ્યા હતા અને દેશભકિતનાં નારા ગૂંજી રહ્યા હતા.

## આંતર કોલેજ સ્પર્ધામાં સિદ્ધિ

ઉધના કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીઓ બાગડે સોનમ (T.Y.B.Com) અને ધિંગ ભારતી (T.Y.B.Com)એ અમરોલી કોલેજ ખાતે તા. ૧૦/૮/૨૦૨૨નાં રોજ યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાની આંતર કોલેજ 'આપણું ગુજરાત કવિઝ સ્પર્ધા'માં ભાગ લઈ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યા હતો. બંને વિજેતાઓને આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ તેમજ સમગ્ર પરિવારે અભિનંદન પાઠવ્યાં હતા.





## વર્ષા ગીત સ્પર્ધા

ઉધના કોલેજ દ્વારા તા. ૬/૮/૨૦૨૨ના રોજ વર્ષા ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લઈ કર્ણ પ્રિય અવાજમાં ગીતો રજૂ કર્યા હતા. આ સ્પર્ધામાં ઉર્વી બહારે, હર્ષિતા ગીલ્ડા, અને દિશાંત દાણેજએ અનુક્રમે પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધાનું સફળ આયોજન કરવા માર્ગદર્શન અને સહકાર આપવા કોલેજની ગીત–સંગીત–નૃત્ય ધારાના સભ્યોએ આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઝી તેક્કનાલ, ઉપાચાર્ય ડૉ. મનીષ કાયસ્થ અને કો–ઓડિનેટર ડૉ. તેજસ ઘડિયાળીનો આભાર વ્યકત કર્યો હતો. કોલેજના પ્રાધ્યાપકો પ્રા. કલ્પેશ કંસારા અને ડૉ. બ્રિજેશ મહેતાએ સ્પર્ધાના નિર્ણાયક તરીકે સેવા આપી હતી.





## તિરંગા– યાત્રાનું આયોજન



ઉધના કોલેજ ખાતે તા.૧૩/૦૮/૨૦૨૨, શનિવારના રોજ ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ઉધના કોલેજમાં 'આઝાદી કા અમૃત મહોત્સવ' તથા 'હર ઘર તિરંગા' અંતર્ગત ઉધના મેઈન રોડ ઉપર પ્રભાત ફેરી અને તિરંગા–યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આઝાદીના ૭૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે કોલેજના ૧૫૦૦ જેટલાં વિદ્યાર્થી ભાઈ–બહેનો તથા શિક્ષકોએ ખૂબજ ઉત્સાહપૂર્વક આ તિરંગા યાત્રામાં ભાગ લીધો. આ

તિરંગા યાત્રામાં શ્રી વિવેકભાઈ પટેલ (ધારાસભ્યશ્રી, ઉધના), શ્રી પરેશભાઈ પટેલ (અધ્યક્ષ, સ્થાયી સમિતિ, સુરત મનપા), શ્રી છોટુભાઈ પાટીલ (માજી નગરસેવક), શ્રી સોમનાથ મરાઠે (માજી નગરસેવક), શ્રીમતી હિનાબેન કનસાગરા (નગરસેવક સુરત મનપા), શ્રી બળવંતભાઈ પટેલ (નગરસેવક સુરત મનપા) અને શ્રીમતી રોહિણીબેન પાટીલ (નગરસેવક સુરત મનપા) આ તમામે ઉત્સાહભેર હાજરી આપી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ શ્રી નિરંજનભાઈ પટેલ (ઉપપ્રમુખશ્રી), શ્રી કેતનભાઈ શાહ (સહાયક મંત્રીશ્રી) તથા શ્રી હેતભાઈ દેસાઈ (ટ્રસ્ટીશ્રી)એ હાજર રહી વિદ્યાર્થીઓના જોશમાં વધારો કર્યો હતો. આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ તિરંગા યાત્રામાં સૌએ દેશ પ્રત્યેનો પ્રેમ અને આદર વ્યકત કર્યો હતો. આ તિરંગા યાત્રા માટે પોલીસ વિભાગે પણ ખડેપગે સેવા આપી હતી અને ટ્રાફીક જાળવી કાર્યક્રમની સફળતા માટે નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.

## રાખડી બનાવવાની સ્પર્ધા



ઉધના કોલેજ દ્વારા તા. ૦૮/૦૮/૨૦૨૨ના રોજ કલા કૌશલ્ય ધારા અંતર્ગત રાખડી બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાનું કલાત્મક કૌશલ્ય દર્શાવ્યું હતું. આ સ્પર્ધામાં ધાનાણી દીક્ષિત, જાધવ કોમલ અને શાહ મુસ્કાનએ અનુક્રમે પ્રથમ, દ્વિતિય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધાનું સફળ આયોજન કોલેજની કલા કૌશલ્ય ધારાનાંસભ્યોએ આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઝી તેક્કનાલ, ઉપાચાર્ય ડૉ. મનીષ કાર્યસ્થ અને કો–ઓડિનેટર ડૉ. તેજસ ઘડિયાળીના માર્ગદર્શન હેઠળ કર્યું હતું. કોલેજના પ્રાધ્યાપકો પ્રા. સમીક્ષા ઝવેરી અને પ્રા. પ્રીતિ પટેલ એ સ્પર્ધાના નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

## કૌશલ્યપૂર્ણ જયુવેનાઈલ જુલાઈ

ઉધના કોલેજનાં વુમન સેલ દ્વારા તા.૧૧/૭/૨૦૨૨નાં રોજ 'કૌશલ્યપૂર્ણ જયુવેનાઈલ જુલાઈ' યુવા કુમારીકાઓની કુશળતા દર્શાવતી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કોલેજની વિદ્યાર્થિનીઓએ મોટી સંખ્યામાં ભાગ લઈ તેમની કુશળતા પ્રદર્શિત કરી હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમ જાધવ આરાધના અને સોનાર દર્શના, દ્વિતિય ક્રમ પ્રજાપતિ રાઠી અને તૃતિય ક્રમ સહાની પ્રિયાએ પ્રાપ્ત કર્યો હતો. સ્પર્ધાના નિર્ણાયક તરીકે કોલેજનાં પ્રાધ્યાપકો ડૉ. ક્રિનાં શાહ, ડૉ. રૂદ્રી પુરોહિત અને પ્રો. નિશા મેધાતે સેવા આપી હતી. વુમન સેલે આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ તથા અન્ય હોદ્દેદારોનાં માર્ગદર્શન અને સહકાર બદલ આભાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમનું સંકલન વુમન સેલનાં પ્રમુખ ડૉ. ડેઝી તેક્કનાલ અને ડૉ. પર્લ ખરાસ દ્વારા કરવામાં આવ્યું હતું.



## જોબ ફેર




ઉધના કોલેજના કેરિયર કાઉન્સેલિંગ અને પ્લેસમેન્ટ સેલ દ્વારા તા. ૧૮/૮/૨૦૨૨ના રોજ કોલેજની સ્થાપનાના ૨૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે જોબ ફેર–૨૦૨૨નું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેગા ઇવેન્ટમાં કોલેજના ૨૩૬ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તેમાંથી ૭૨ વિદ્યાર્થીઓ ઇન્ટરવ્યું માટે ઉપસ્થિત થયા હતાં અને ૧૮ વિદ્યાર્થીઓ વિવિધ કંપનીઓમાં પસંદગી પામ્યા હતા. આ મેગા ઇવેન્ટમાં એકિસસ બેંક, બેસ્ટ બેંક જોબ, શ્રી બાલાજી એસોસિએટ્સ એડવાન્સ સોલ્યુશન્સ પ્રા.લિ., ડિફરન્ઝ સિસ્ટમ્સ પ્રા. લિમિટેડ કંપનીના અધિકારીઓ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓની પસંદગી કરી હતી. કાર્યક્રમનું ઉદઘાટન આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈએ કર્યું હતું. આ મેગા ઇવેન્ટના ઉદઘાટન સત્રમાં કારકિર્દી કાઉન્સેલિંગ એન્ડ પ્લેસમેન્ટ સેલના વડા ડૉ. ધવલ જે. પંડયાએ કાર્યક્રમની ઝાંખી આપી હતી. ડૉ. દર્શન મહેતાએ ભરતી મેળામાં ભાગ લેનાર કંપનીઓનો પરિચય આપ્યો હતો. આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈએ સ્વાગત પ્રવચન આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. પ્રો. રોનક શાહે મહેમાનોનું

અભિવાદન કર્યું હતું અને પ્રો. ચિરાગ પટેલે આભારવિધિ કરી હતી. પ્રો. ઉર્વશી મહિસુરીએ ઉદ્ઘાટન સત્ર માટે MoC તરીકે સેવા આપી હતી. પ્લેસમેન્ટ સેલની સમગ્ર ટીમે કોલેજના યુવા અને ગતિશીલ આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈ અને ઉપાચાર્ય ડૉ. ડેઝી તેક્કનાલનો આ ભરતી મેળો ગોઠવવા સતત સહકાર અને પ્રેરણા આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. સમિતિ દ્વારા ઉપાચાર્ય ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડિયાળીનો પણ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## My College My lens



ઉધના કોલેજમાં જુલાઈ ૨૦૨૨ દરમિયાન My College My lens સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા આ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લઈ કોલેજ કેમ્પસની સુંદરતા કેમેરામાં કેદ કરી હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમ ક્રિતેશ દીક્ષિત (T.Y.B.Com), દ્વિતિય ક્રમ તીષા સીમારીયા (T.Y.B.Com), અને તૃતિય ક્રમ દિશાંત દાણેજ (S.Y.B.B.A)એ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધાનું આયજન કોલેજ પ્રધ્યાપકો ડૉ. દર્શન મહેતા અને પ્રા. રોનક શાહ દ્વારા આચાર્ય ડૉ. મેહુલ દેસાઈનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. કલ્પેશ કંસારાએ સેવા આપી હતી. વિદ્યાર્થીઓના આ સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવા કોલેજનાં પ્રાધ્યાપક ડૉ. રૂદ્રી પુરોહિતે વિડીયો બનાવી યોગદાન આપ્યું હતું.

## પોસ્ટર મેકિંગ સ્પર્ધા



ઉધના કોલેજમાં તા. ૧૨/૦૮/૨૦૨૨ના રોજ આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજનાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈને ચિત્ર અને રંગપૂરણીમાં કૌશલ્ય બતાવ્યું હતું. આ સ્પર્ધામાં ઠુમ્મર હર્ષ (TYBBA), રાંદેરી યશ (SYBCA) અને શુક્લા નેહા (FY BCom.) એ અનુક્રમે પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધાનું સફળ આયોજન કોલેજની સામુદાયિક સેવા ધારાનાં સભ્યોએ કોલેજના આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઝી તેક્કનલ, ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડિયાળીનાં માર્ગદર્શન હેઠળ કર્યું હતું.

## સિદ્ધિ





ઉધના કોલેજ T.Y.B.Com.માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની દેરિયા કાજોલ એ અમરોલી કોલેજ ખાતે તા. ૧૩–૮–૨૦૨૨નાં રોજ યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાની આંતર કોલેજ 'પર્યાવરણ વક્તૃત્વ સ્પર્ધા'માં ભાગ લઈ તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. કોલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા કોજોલને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## IT ક્વીઝ સ્પર્ધા



ઉધના કોલેજમાં તા. ૧૨/૦૮/૨૦૨૨નાં રોજ IT કવીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રથમ સ્થાન સચિન ઉપાધ્યાય, દ્વિતિય સ્થાન સાહિલ ભાલાણી અને તૃતીય સ્થાન મોહિત પીપલીયાએ પ્રાપ્ત કર્યું હતું. આ સ્પર્ધાનું સફળ આયોજન જ્ઞાન ધારાનાં સભ્યો ડૉ. વિશાલ નાયક અને ડૉ. દર્શન મહેતા દ્વારા જ્ઞાનધારાના અધ્યક્ષશ્રી ડૉ. સંજય પટેલ, કોલેજ આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઝી તેક્કનલ, ડૉ. મનીષ કાયસ્થ અને કો–ઓડિનેટર ડૉ. તેજસ ઘડિયાળીનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## ટેલેન્ટ હન્ટ ઈવેન્ટ



તા. ૨૫/૮/૨૦૨૨ના રોજ 92.7 Big FM એ ઉધના કોલેજમાં ટેલેન્ટ હન્ટ ઈવેન્ટનું આયોજન કર્યું હતું. કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને ગાયન, નૃત્ય, અભિનય વગેરે વિવિધ ક્ષેત્રોમાં તેમની પ્રતિભા દર્શાવી હતી. આકાંશા યાદવ (TY.Bcom)ને ટેલેન્ટ હન્ટમાં વિજેતા જાહેર કરવામાં આવી હતી. આ કાર્યક્રમના આયોજકો ડૉ. ત્વિષા પરમાર, ડૉ. પરિક્ષિત ઇચ્છાપોરિયા અને પ્રો. તથાગત પટેલે કોલેજના આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઈઝી તેક્કનલ, ડૉ. મનીષ કાયસ્થ, કો–ઓડિનેટર ડૉ. તેજસ ઘડિયાળીનો તેમના પ્રોત્સાહન અને સમર્થન બદલ આભાર વ્યકત કર્યો હતો.

## Movie Review સ્પર્ધા



ઉધના કોલેજમાં ગીત સંગીત નૃત્ય અને નાટય ધારા દ્વારા (સાંસ્કૃતિક સમિતિ) તા. ૨૪/૦૮/૨૦૨૨નાં રોજ Movie Review સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં રમત ગમતને લગતી ફિલ્મોની વિદ્યાર્થીઓએ સમીક્ષા કરી હતી. આ સ્પર્ધામાં દીક્ષિત ક્રીતેશને પ્રથમ, જાધવ ચેતનને બીજો અને વાલા કપિલને ત્રીજો ક્રમ પ્રાપ્ત થયો હતો. આ સ્પર્ધાનું સફળ આયોજન કોલેજ સાંસ્કૃતિક સમિતિનાં સભ્યો ડૉ. અનિલ ભરોડીયા અને પ્રા. આરતી પટેલ દ્વારા આચાર્ય ડૉ. મેહુલ દેસાઈનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આયોજકોએ ઉપાચાર્ય ડૉ. ડેઝી તેક્કનલ, ડૉ. મનિષ કાયસ્થ, કો–ઓડિનેટર ડૉ. તેજસ ઘડિયાળી તથા ડૉ. ત્વિષા પરમાર અને ડૉ. હેતલ શાહનો તેમને આપેલ સહયોગ બદલ આભાર વ્યકત કર્યો હતો. કોલેજના પ્રાધ્યાપકો પ્રા. ચિરાગ પટેલ અને પ્રા. ઝુબેર પટેલે સ્પર્ધાના નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

## એકાગ્રતા સુધારણા પર પ્રવચન

ઉધના કોલેજમાં NJ ગ્રુપના સહયોગથી તા. ૨૯/૮/૨૦૨૨ના રોજ શાળાના સભાગૃહમાં એકાગ્રતા સુધારણા (ભગવદ્ ગીતા અને શ્રીમદ્ ભાગવતમાંથી પાઠ) પર પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું. ઇસ્કોનના જાણીતા વકતા સ્વામી શ્રી ગૌરાંગા દર્શન દાસે આ પ્રસંગે ઉપસ્થિત વિદ્યાર્થીઓ, સ્ટાફ, ટ્રસ્ટીઓ અને મહેમાનોને એકાગ્રતા બાબતે સમજૂતી આપી હતી. ટ્રસ્ટના પ્રમુખશ્રી ભાણજીભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી નિરંજનભાઈ પટેલ, મંત્રીશ્રી કાંતિલાલ પટેલ, ખજાનચીશ્રી અમૃતલાલ પટેલ અને સહ–મંત્રીશ્રી કેતનભાઈ શાહ તેમજ NJ જુથના સહ–સ્થાપક શ્રી જીગ્નેશભાઈ દેસાઈ અને શ્રી નિરજભાઈ ચોકસીએ પ્રવચનમાં હાજરી આપી હતી. એક કલાકનું પ્રવચન એકાગ્રતાની વ્યાખ્યા સાથે શરૂ થયું અને એકાગ્રતાના વિવિધ પાસાઓને આવરી લેતા એકાગ્રતા વધારવાના ઉપાયો સાથે સમાપ્ત થયું. સ્વામીજીએ શ્રોતાઓ સાથે વાર્તાલાપ કર્યો અને વિદ્યાર્થીઓ દ્વારા પૂછાયેલ પ્રશ્નોના જવાબો પણ આપ્યા. આ કાર્યક્રમની પહેલ કરનાર આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈને ઉપાચાર્ય ડૉ. ડેઈઝી તેક્કનલ, ડૉ. મનિષ કાયસ્થ, કો–ઓડિનેટર ડૉ. તેજસ ઘડિયાળી, તમામ સ્ટાફ મિત્રો અને વિદ્યાર્થીઓએ સહકાર આપ્યો હતો.



## યુનિવર્સિટી ગ્રંથાલય

### Footfall : Dt. 1-8-2022 to 30-8-2022

| Detail | Description | August-2022 | |
|---|---|---|---|
| User | Visitors | 2191 | |
| | Internet Lab User | 18 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 0 | |
| | UG/PG Students | 198 | |
| | Research Scholars | 3 | |
| | Non Teaching Staff | 0 | |
| | Online User | 771 | |
| | Visitors | 18 | |
| Total | | | 3199 |
| Soursce: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section. | | | |

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| August-2022 | 580 | 554 |
| Soursce: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section. | | |

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર : ખરાઈ પ્રમાણપત્ર (તા. ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | August-2022 | 4 |
| Soursce : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section. | | |

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | August-2022 | 4 |
| Soursce: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section. | | |

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | August-2022 | 4 |
| Soursce: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section. | | |

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. R. C. Gadhvi**
Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ **e-mail: dakshinayan@vnsgu.ac.in**

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE **www.vnsgu.ac.in**